જાન્યુઆરી ૨૦૨૨

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૧૫



આ ત્રિમંદિરો એટલા માટે છે કે જગત સીમંધર સ્વામીને ઓળખી શકે.
ઠેર ઠેર સીમંધર સ્વામીના ત્રિમંદિરો બંધાશે, ત્યારે દુનિયાનો નકશો કંઈ ઓર જ હશે !

જૂનાગઢ ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ - તા. ૯ જાન્યુઆરી ૨૦૨૨

# અડાલજ : પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૪મો જન્મજયંતી મહોત્સવ : તા.૧૭ થી ૨૧ નવેમ્બર



વર્ષ : ૨૭, અંક : ૫
સળંગ અંક : ૩૧૭
**જાન્યુઆરી ૨૦૨૨**
પાનાં : ૨૪

**Editor : Dimple Mehta**
© 2022,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
Owned by & Published at
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
ભારત : ૬૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૫ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## સીમંધર સ્વામીનું જગત કલ્યાણી મિશન

### સંપાદકીય

અનંત ચોવીસી આવી ને ગઈ છતાં આ જીવ ના બૂઝ્યો, રઝળપાટનો અંત ના આવ્યો ! તો હવે આ પંચમ આરામાં મુક્તિનો ઉપાય શું ? મુક્તિપિપાસુની પુણ્યૈથી કાળક્રમે મુક્તિ પંથે દોરનારા જ્ઞાની કે સત્ પુરુષો પ્રગટ થઈ અનેકોના કલ્યાણનું નિમિત્ત બનતા હોય છે. આ કાળના અક્રમ વિજ્ઞાની પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)ને ભરત ક્ષેત્રના મનુષ્યોના મુક્તિદાતા મહાવિદેહ ક્ષેત્રમાં વિહરમાન વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામીની ઓળખાણ થઈ અને અનેકોને એમનું અનુસંધાન કરાવી આપ્યું.

દાદાશ્રી કહે છે કે અમારી એ જ ભાવના છે કે ભલે એક અવતાર મોડું થશે તો વાંધો નથી પણ આ અક્રમ વિજ્ઞાન જગતમાં ફેલાવવું જોઈએ. મને જે સુખ મળ્યું છે એવું સુખ જગતને હો. જગત આવી સ્થિતિમાં ન રહો. આ જગત સાચા જ્ઞાનને પામો, સુખ-શાંતિને પામો અને કેટલાક મોક્ષને પામો. એટલે જગત કલ્યાણની એક માત્ર ભાવના ભાવી કે જગતનું કલ્યાણ થાવ. આ યુગના આ ભરત ક્ષેત્રના મનુષ્યો શ્રી સીમંધર સ્વામીનું અનુસંધાન કરી તેમના ચરણોમાં સ્થાન મેળવી લે, એટલું જ પ્રયોજન છે.

શ્રી સીમંધર સ્વામીની ભજનાથી જ દુનિયામાં ફેરફાર થશે. કોઈ પણ ભેદભાવ વગરના, વાડા-સંપ્રદાયથી મુક્ત એવા શ્રી સીમંધર સ્વામીના નિષ્પક્ષપાતી ત્રિમંદિરોથી હિન્દુસ્તાનની પ્રજાનું આત્યંતિક કલ્યાણ થશે.

પરમ પૂજ્ય દાદાશ્રી થકી સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત કરી આપણું તો કલ્યાણ થયું, હવે આ ભવમાં જે જે સંયોગો પ્રાપ્ત થાય તેમાં આ મન-વચન-કાયા સીમંધર સ્વામીના મિશન અર્થે જ કાઢવા છે, એ જ નિશ્ચય હોવો ઘટે. આ કલ્યાણનું મિશન સ્વામીનું છે અને તે મિશન પૂરું થઈને જ રહેશે. કારણ કે એની પાછળ શ્રી સીમંધર સ્વામી પ્રભુના શાસન દેવદેવીઓ કાર્ય કરે છે. જગતનું કલ્યાણ થવું જ જોઈએ અને તે કેમ ન થાય ? આપણા માથે શ્રી સીમંધર સ્વામી જેવા વર્તમાન તીર્થંકર છે ને અક્રમમાર્ગી જ્ઞાની પુરુષ માથે છે, માટે તેમ થવું ઘટે.

પ્રસ્તુત અંકમાં જગત કલ્યાણ માટે જ્ઞાનીઓની ભાવના કેવી હોય છે એની ઝાંખી જોવા મળે છે. દાદાશ્રી લઘુતમ ભાવ સાથે કહે છે કે અમે તો આમાં નિમિત્ત માત્ર છીએ, બાકી આ તો સીમંધર સ્વામીનું જગત કલ્યાણ મિશન છે. આ મિશનમાં આપણે નિમિત્તભાવે યોગદાન આપીએ એ જ આપણી ભાવના હોવી ઘટે. જગત કલ્યાણના આ મિશનમાં આપણે સહુ મહાત્માઓ પ્યોર બની જોડાઈએ એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# સીમંધર સ્વામીનું જગત કલ્યાણી મિશન

## જગત કલ્યાણના રાગે, કરે કલ્યાણ

**પ્રશ્નકર્તા :** આપ વીતરાગીને લોકસંપર્કનો શું સંબંધ ?

**દાદાશ્રી :** વીતરાગી ભાવ, વીતરાગીને ને જનસંપર્કને કશું લેવાદેવા જ નથી ! આ કાળમાં સંપૂર્ણ વીતરાગ ના હોય. અમે વીતરાગ છીએ પણ સંપૂર્ણ નથી. અમે જગતના તમામ જીવો જોડે વીતરાગ છીએ, ફક્ત અમારા જગત કલ્યાણ કરવાના કર્મ જોડે અમારે રાગ રહે છે. જગત કલ્યાણ કરવાની ખટપટ માટેનો અમને થોડો રાગ રહી ગયો છે. એ રાગ પણ કર્મો ખપાવવા પૂરતો જ છે.

કર્મો ખપાવવા પૂરતો થોડોક રાગ રહી ગયો, તેય જગત કલ્યાણ કરવાની ખટપટ માટે, ને તે નુકસાનકારક હોય નહીં ને ! આય રાગ કહેવાય. અમારી ગરજ હતી કે ત્યાંથી ઊઠીને આવ્યા અહીં !

તમે જેને પૂછો છો એ વીતરાગ નથી અત્યારે ! અત્યારે તો અમે ખટપટિયા વીતરાગી છીએ. ખટપટિયા એટલે કેવું કે જગતનું કલ્યાણ થાવ, અને કલ્યાણ માટે ખટપટ કરે. વીતરાગી તો ફક્ત દર્શન આપ્યા કરે. બીજી ખટપટ કે કશું ના કરે, જરાય ખટપટ ના કરે ! ખટપટિયા એટલે આ ખટપટ કરવા રહ્યા અમે. એટલે અમે ખટપટિયા વીતરાગ કહેવાઈએ. ફક્ત આટલી ઈચ્છા છે, બીજી કોઈ ઈચ્છા નહીં. લોકો કેમ કરીને શાંતિને પામે એને માટે જ ભેખ લીધેલો છે. અને એટલે તો રોજ અગિયાર કલાક આ સત્સંગ કરું છું.

## વીતરાગી ખટપટ થકી કલ્યાણ

આ અમે ખટપટ કરીએ છીએ તે, 'આમ આવો ને તમને મોક્ષ આપીએ.'

હવે આ બધી અમારે ખટપટ એટલા જ માટે કરવી પડે છે ને ! પોતાને કંઈ પણ જોઈતું નથી, એનું નામ વીતરાગ ! ખટપટ શી ? તો કહે, સામાને કંઈક પોતાના જેવું થાય એવી ગણતરી.

મહાવીર ભગવાન ખટપટિયા વીતરાગ નહોતા. હું તો તમને બોલાવું કે 'આવજો. તમારા સર્વસ્વ દુઃખો જતા રહેશે.' મહાવીર ભગવાનને એવું નહોતું. સંપૂર્ણ વીતરાગ ! કોઈ ડખો જ નહીં ને ! ડખો નહીં, ખટપટ નહીં. જેને કંઈ જ જોઈતું નથી વર્લ્ડમાં.

મારે કોઈ ચીજ જોઈતી નથી વર્લ્ડમાં. સાવ સોનું આપી દે તોય જોઈતું નથી. સ્ત્રીઓનો મને વિચાર આવતો નથી. જે પુરુષ બંધનમુક્ત થયેલા છે, એને તો શું જોઈએ ? પણ આ એકલું જ, જગતનું કલ્યાણ થવું જોઈએ અને થવાનું છે જ. અને નવી જ રૂપે આ જગત થશે ! નવી જ ઢબ, નવું રૂપ !

હવે આવું વીતરાગ નહોતા બોલતા. અમે તો ખટપટિયા એટલે આવું કહીએ કે 'ભાઈ, આગળ ખીણમાં ગબડી પડીશ.' હવે વીતરાગો અમને કહે છે કે 'તમારે આ શી પીડા ?' તો અમને એમ થાય છે કે 'બળ્યું, આ ગબડી પડ્યા પછી એનું ક્યારે ઠેકાણું પડશે ?' અમારે ભાવ જ આવો, ઈચ્છા જ આવી થઈ ગઈ છે કે કોઈ ગબડે નહીં ને આમાંથી કંઈક ઉકેલ લાવો. મોક્ષમાર્ગ અમને જડ્યો છે તો અમે તમને તેડી જઈએ. તમારી જોડે અડધો કલાક બેસીશું, પણ તને અમે પાછો તેડી જઈશું.

## ભાવના માત્ર જગત કલ્યાણની જ

**પ્રશ્નકર્તા :** પણ વીતરાગી જે લોકસંપર્ક કરે છે, એ પોતાના કર્મ ખપાવવા ?

**દાદાશ્રી :** પોતાનો હિસાબ ચોખ્ખો કરવા માટે, બીજાને માટે નહીં. એમને બીજી ભાવના

નથી. અમારી ભાવના છે કે આ લોકોનું કલ્યાણ થાવ. જેવું અમારું થયું એવું આ બધાનું કલ્યાણ થાવ, એવી ભાવના અમારી હોય. વીતરાગીને એવું ના હોય. બિલકુલ ભાવના નહીં, સંપૂર્ણ વીતરાગ ! અને અમારે તો આ ભાવના છે એક જાતની ! પછી સવારે વહેલા ઊઠીને બેસીએ છીએ ને નિરાંતે ! સ્કૂલ ચાલુ કરી દઈએ છીએ ને ! તે ઠેઠ રાતના સાડા અગિયાર વાગ્યા સુધી હોય છે ને ! એટલે એ ભાવના છે અમારી. કારણ કે અમારા જેવું સુખ હરેકને હો ! શા માટે આટલા બધા દુઃખ ! દુઃખ છે નહીં ને નકામા દુઃખો ભોગવી રહ્યા છે. એ અણસમજણ નીકળી જાય તો દુઃખો જાય. હવે અણસમજણ નીકળે ક્યારે ? કહેવાથી ના નીકળે, દેખાડો તો નીકળે. તમે કરી બતાવો તો નીકળે ! તે અમે તો કરી બતાવીએ. તે મૂર્ત સ્વરૂપ કહેવાય, આ શ્રદ્ધાની મૂર્તિ કહેવાય.

જગત આખું કેમ વીતરાગતાને સમજે, કેમ વીતરાગ માર્ગને પામે, ભલે મોક્ષ ના પામે પણ વીતરાગ માર્ગને પામો. એક માઈલ ચાલો પણ વીતરાગ માર્ગમાં ચાલો. જે ધર્મ પકડ્યો હોય, તે ધર્મના જેટલા વીતરાગ માઈલ હોય, તેમાં એક માઈલ તો એક માઈલ પણ વીતરાગ માઈલમાં ચાલો !

## કારુણ્યતાથી કલ્યાણનો હેતુ

જગત આખું શક્કરીયા ભરહાડમાં મૂકે તેમ બફાઈ રહ્યું છે. ફોરેનવાળાઓ હઉ બફાઈ રહ્યા છે ને અહીંવાળાયે બફાઈ રહ્યા છે. આ લોક ચોગરદમથી બળી રહ્યું છે. તું અમદાવાદમાં, મુંબઈમાં મોહરાજાનું બળ જો તો ખરો ! કરોડો રૂપિયા હોવા છતાં માછલાં તરફડે એમ લોક તરફડી રહ્યું છે ! 'શક્કરિયાં બફાઈ રહ્યા છે' એવું એક જણને કહ્યું ત્યારે એ કહે છે, 'દાદા, શક્કરિયાં બફાઈ રહ્યા છે કહો છો, પણ હવે તો સળગવા હઉ માંડ્યા છે ! જે પાણી હતું, તે ખલાસ થઈ ગયું ને શક્કરિયાં સળગવા માંડ્યા છે !' એટલે આ દશા છે ! આપણા સત્સંગનો હેતુ શો છે ? જગત કલ્યાણ કરવાનો હેતુ છે. એ ભાવના કંઈ નકામી જતી નથી.

અમે કહેતા'તા કે 'વડ નીચે, ઝાડ નીચે બેસીને અમે ઉપદેશ આપીશું. અગર કો'કને ઘેર ઊતરીશું, તો એના ઘરનું કલ્યાણ થઈ જશે.'

લોકો આ મૂંઝામણમાંથી કેમ નીકળે તે ? કેટલી મૂંઝામણ હશે ? એટલે આખો દા'ડો આ જ કારુણ્યતા વપરાય છે અને ત્યારે પેલો ગૂંચામણમાંથી નીકળે તો આ જ્ઞાનને પામે ને તો જ રસ્તે ચઢે. એટલા માટે આ ઉપાય છે. તને આમાં કશો વાંધો લાગે છે ?

## સમજો તીર્થંકરોની મૂળ વાત

**પ્રશ્નકર્તા :** ના, દાદા પણ જ્યારે જ્યારે જોઉં છું, જ્યાં જ્યાં જોઉં છું, ત્યાં નિરાશા દેખાય છે.

**દાદાશ્રી :** જ્યાં જુઓ ત્યાં નિરાશા. પણ હવે જ્ઞાનીઓના નિમિત્તે આ જગતનું કલ્યાણ થવાનું છે. જગતમાં જે વિચારો ફરશે, ધરમ ફરશે, આ બધી વિદ્રોહી ભાવનાઓ તૂટી જશે, આમના વિચારથી. જે ભાવનાઓ વિદ્રોહી ઊભી થઈ છે તે બધી જ તૂટી ને ફૂટીને ફ્રેક્ચર થઈ જશે. આ તેની જ સ્કૂલ ચાલે છે !

**પ્રશ્નકર્તા :** આપ જે કહો છો, એ થતું હોય તો કેટલું સારું થાય !

**દાદાશ્રી :** મૂળ દ્વેષમાંથી ઊભું થયું છે આ બધું. અને એનાથી આગળ જઈએ તો વેરમાંથી ઊભું થયું છે. એટલે મૈત્રી થાય તો કામ થાય, નહીં તો વેર રહેશે ત્યાં સુધી બાંધશે. આટલી જો ચોવીસ તીર્થંકરોની એક જ વાત સમજે તો જગતનું કલ્યાણ થઈ જાય. આ એક જ વાત, ચોવીસ તીર્થંકરોની કે 'વીતદ્વેષ થાવ !'

## વૈજ્ઞાનિક ઢબ, તીર્થંકરોની

તીર્થંકરો એટલે બહુ જ વૈજ્ઞાનિક રીતે એમની ઢબ છે. મારી આટલી વૈજ્ઞાનિક છે, તો એમની કેટલી બધી વૈજ્ઞાનિક ઢબ હશે, કેવી સરસ ઢબ હશે ! નાપાસ થયેલાની જો આટલી બધી વૈજ્ઞાનિક છે, તો પાસ થયેલાની કેવી વૈજ્ઞાનિક હોય ? તમને કેમ લાગે છે ? એક કલાકમાં તો મારી પાસે આટલો બધો ફેરફાર થઈ જાય છે માણસમાં, તો એ તો કેવા ડાહ્યા હશે ! અને આ એમની જ વાત છે. મારો આમાં કોઈ જાતનો માલ છે નહીં. આ તો ટેપરેકર્ડ વાગ્યા કરે છે ને હું સાંભળ્યા કરું છું.

## દીપશે શાસન, ભગવાન મહાવીરનું

આ બધું તો હજુ અઢાર હજાર વર્ષ સુધી રહેશે. પછી તો પુસ્તક રહેવાનું નથી, દેરાં નથી રહેવાના. કશું ધર્મનો છાંટો રહેવાનો નથી. ત્યાં સુધી કંઈક સાધન તો જોઈશે ને ? ત્યાં સુધી ધર્મ ચાલુ છે.

વીતરાગનું શાસન ! શાસન ભગવાન મહાવીરનું બહુ દીપશે ! અત્યાર સુધી વગોવાઈ ગયું, હવે દીપશે, બહુ જબરજસ્ત દીપશે. અને બધાય ધર્મો દીપવાના છે ! શાસન ભગવાન મહાવીરનું અને અમે તો એ શાસનના કળશ કહેવાઈએ. કળશ નથી ચડાવતા ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તો દીપે ને આપણે જવાબદારી નહીં ! તમારે તો આ મહીં ભાવના જ રાખવાની કે જગત કલ્યાણને પામો. એ ભાવના સાચા દિલની છે. જગત તો પામવાનું જ છે, એમાં બે મત જ નથી. કુદરત જ હેલ્પ કરશે આમાં. બીજું કોઈ હેલ્પ નહીં કરી શકે. તે એવી હેલ્પ કરશે, ખરેખરી ! જગત પામવાનું છે એ નક્કી ! એ એમ ને એમ જવાનું નથી. આવું 'વિજ્ઞાન' જે પ્રગટ થયું છે, એ એમ ને એમ દબાઈ જવાનું નથી.

## પોતાની ગરજે જગત કલ્યાણ

એટલે અહીં જુદી જાતનું છે, આ દુકાન ન્હોય. છતાંય લોકો તો આને 'દુકાન' જ કહે. કારણ કે 'બીજા બધાએ દુકાન કાઢી, એવી તમેય શું કરવા દુકાન કાઢી ? તમારે શું ગરજ ?' મનેય એની ગરજ તો ખરી ને, કે 'હું જે સુખ પામ્યો એ તમેય પામો !' કારણ કે લોકો માછલાં પાણીની બહાર તરફડે એમ તરફડી રહ્યા છે ! એટલે અમારે આ બધું ફર ફર કરવું પડે છે. ઘણા લોકો શાંતિનો માર્ગ પામી ગયા.

**પ્રશ્નકર્તા :** એટલે આ ગરજ નથી, પણ બધા જીવોનું કલ્યાણ થાય એવી ભાવના થાય ને !

**દાદાશ્રી :** કલ્યાણ થાય તો સારું એવી ભાવના હોય. આ વર્લ્ડમાં તીર્થંકરો ને જ્ઞાની સિવાય કોઈએ જગત કલ્યાણની ભાવના ભાવેલી નહીં. પોતાના જ પેટનું ઠેકાણું ના પડ્યું હોય, ત્યાં આગળ લોકોનો ક્યાં વિચાર કરે ? બધા લોકોએ ભાવના શું ભાવેલી ? ઊંચું પદ ખોળ ખોળ કરેલું ! સાધુ હોય તો 'મને ઉપાધ્યાય ક્યારે બનાવે' અને ઉપાધ્યાય હોય તો 'મને આચાર્ય ક્યારે બનાવે' એ જ ભાવના બધાને હોય. ત્યારે આ બાજુ, લોકોને કાળા બજાર કરવાની ભાવના ! ને કલેક્ટર હોય તો 'મને કમિશ્નર ક્યારે બનાવે' એ જ ભાવના હોય ! જગત કલ્યાણની તો કોઈનેય પડેલી નથી.

આપણે હજુ એક અવતાર - બે અવતારની વાત કરીએ છીએ ને તેની મહીં વખતે કોઈને આ ભાવ પણ પેસી જાય કલ્યાણનો, પણ તે એક-બે અવતાર પૂરતો. એટલે શું કે તીર્થંકરોને એવો ભાવ થયેલો કે મને જે સુખ થયેલું, તે બીજા પામો. એ એકલો (ભાવ) ચાર્જ છે પાછો. પણ બધાને થાય નહીં એ. બધાને તો સાધારણ ઈચ્છા હોય કે જગતનું કલ્યાણ થાય. જગતનું કલ્યાણ કરો એવો કંઈ એનો મૂળ ભાવ નથી એ. અમુક જ માણસોને હોય એવું. એવા સંજોગો ચોગરદમના હોય ત્યારે એવું હોય, બધાને ના હોય.

## જ્ઞાની કરે કલ્યાણ, નિમિત્ત ભાવે

અમે આ કાળમાં રોકડો મોક્ષ આપી શકીએ, જેનાથી અહીં જ મોક્ષ વર્તાય. અમે મોક્ષદાતા છીએ, મોક્ષના લાયસન્સદાર છીએ. જગત કલ્યાણનું અમે નિમિત્ત છીએ, અમે એના કર્તા નથી. મને ભેગો થયો તેનું કલ્યાણ થઈ જાય, પણ ભેગો થવો જોઈએ. આ તમને ભેગું થયું છે, સંયોગ બાઝ્યો છે, તે તમારી પુણ્યૈ પાકે ત્યારે સંયોગ બાઝે. અને મનેય ભેગું થયું તે મારાથી આ જગતનું કંઈ કલ્યાણ થવાનું છે તેથી મને ભેગું થયું છે આ. હુંય નિમિત્ત છું ને ! હું એને કહું છું ને, એટલે બધું નિમિત્ત છે આ તો.

ઉદય આવ્યો, પણ જગત કલ્યાણને માટે જ બધાને આ ભાવના છે. વીતરાગી ગોત્ર છે ને ગોત્ર એક છે ને ! મહાવીર સ્વામીનું ગોત્ર છે ને ! લોક મને કહે છે, 'આ આપનો ધર્મ હવે ચાલશે અહીં આગળ.' મેં કહ્યું, 'ના ભઈ, ભગવાનનો. આ સાડા અઢાર હજાર વર્ષ ભગવાનનું શાસન છે, અમે તો આ શાસનના શણગાર તરીકે છીએ. લોકો કહે, કે શણગાર થઈ ગયા ! પણ અમે નિમિત્ત છીએ આમાં, કંઈ કર્તા નથી. કોઈ ચીજના અમે કર્તા નથી. કરવાની શક્તિ અમારામાં છે નહીં. કરવાની શક્તિ સંપૂર્ણ ખલાસ થઈ ગયેલી છે. શક્તિ હોય ત્યાં સુધી પુદ્ગલ પરિણતિ હોય. એનાથી પુદ્ગલ પરિણામો ઊભા થાય.

અમે અમારા વીતરાગી સુખમાં વર્તીએ છીએ. અને આ બધાનું કામ અમે તે જેટલું હોય તેટલું નિમિત્ત ભાવે પૂરું કરીએ છીએ. આ જ તમારું ને અમારું કંઈ પૂર્વ ભવનું કેટલાય અવતારનો ઋણાનુબંધ હશે ત્યારે ભેગા થયા આપણે. 'અમે' જગત કલ્યાણના સ્વામી નથી, નિમિત્ત છીએ. જે પુણ્યશાળી હોય તે તો ઘેર બેઠાં લાભ લઈ જાય ! પુણ્યશાળીઓનું ફળ તે આ 'અક્રમ માર્ગ' છે, નહીં તો અક્રમ તે હોતું હશે ? જો જ્ઞાની પુરુષના દર્શન થાય ને, તો કલ્યાણ થઈ ગયું !

## જ્ઞાનીના સાંનિધ્યમાં વર્તે સમાધિ

**પ્રશ્નકર્તા :** દાદાની પાસે બેસવાથી શાંતિ થઈ જાય અને સંસારભાવ છૂટી જાય છે, એ કેવી રીતે બને છે ? એ શક્તિ ખરી ને દાદાની ?

**દાદાશ્રી :** દાદાની શક્તિ નથી એ. બરફની પાસે બેસીએ એટલે સ્વભાવથી જ ઠંડક લાગે, એ કંઈ બરફની શક્તિ નથી. નહીં તો બરફેય બૂમાબૂમ કરે કે 'મારે લીધે કેવા તમને ઠંડા કર્યા મેં !' મેર, તું શું ઠંડો કરતો'તો, તારો સ્વભાવ છે એ તો ! એટલે અમારા સ્વભાવથી થાય છે. અમારામાં એક પરમાણુ વિષયનું નથી, એક પરમાણુ મમતાનું નથી, તો પછી મમતા જ જ્યાં ના હોય, અહંકાર ના હોય, ત્યાં બીજું શું હોય ?

પૌદ્ગલિક પરિણતિ અમને એક ક્ષણ વાર ઉત્પન્ન થતી નથી. આ વેશ તો બધો આવો જ છે, પણ પૌદ્ગલિક પરિણતિ નથી થતી. અમને એ વિચાર પણ ના આવે એવું લઈને આવ્યા હઈશું પૂર્વનું કંઈ. આ ભવમાં કંઈ એવો પુરુષાર્થ નથી, પણ એવું કંઈક લઈને આવ્યા હોઈશું, તે પ્રગટ થયું.

## માલિકી વગરની, કલ્યાણકારી વાણી

**પ્રશ્નકર્તા :** જગત કલ્યાણની ભાવના કોણ કરે છે ?

**દાદાશ્રી :** એ પ્રજ્ઞાશક્તિને લીધે છે. ખરી રીતે જગત કલ્યાણની ભાવના કરવાનો પ્રજ્ઞાનો ધંધો નથી, પણ એકાદ-બે અવતાર બાકી રહે છે તેટલા પૂરતું પ્રજ્ઞાશક્તિની જોડે એક સહકારી શક્તિ કામ કરે છે, જો કે બન્ને એક જેવું જ છે લગભગ.

હું આત્મા થઈને, હું પુરુષ થઈને બોલું છું અને પુરુષાર્થ કરવા નીકળ્યો છું. કેમ કરીને હિન્દુસ્તાન અને ફોરેન પર અસર થાય, એટલા માટે આ મારું બધું કાર્ય કરી રહ્યો છું.

**પ્રશ્નકર્તા :** તો શું આત્માને જગત કલ્યાણની ભાવના હોય ?

**દાદાશ્રી :** આત્માને એ ભાવના જ ના હોય ને ! આ હું જેની ૩૫૬ ડિગ્રી કહું છું ને, તે 'હું' ૩૫૬ ડિગ્રીમાં, તેને હોય આ બધું.

**પ્રશ્નકર્તા :** એ ૩૫૬ ડિગ્રીવાળું કોણ છે ?

**દાદાશ્રી :** એ જ આ જ્ઞાની પુરુષ છે ને !

**પ્રશ્નકર્તા :** તો એની આ વાણી છે ?

**દાદાશ્રી :** ના, આ વાણી તો એનીય નહીં. એ તો માલિકીપણું માની બેઠા'તા. હવે માલિકીપણું છોડી દીધું છે, છતાં ૩૫૬ ડિગ્રી છે. કારણ કે એમને જગત કલ્યાણ કરવાનો ભાવ છે.

**પ્રશ્નકર્તા :** એ ભાવના આધારે આ કલ્યાણ થાય એવી વાણી નીકળે છે ?

**દાદાશ્રી :** ના. માલિકીપણું છોડ્યું એટલે એવી વાણી નીકળે છે. કલ્યાણ કરવામાં વાંધો નથી, પણ માલિકીપણું છોડો તો તમારો ભાવ પૂરો થશે. એ તો ભગવાન મહાવીરનેય માલિકીપણું છૂટેલું, તે દેશના નીકળી. પછી એની મેળે જ વાગ્યા (નીકળ્યા) કરે.

**પ્રશ્નકર્તા :** આપની જે વાણી નીકળે છે દેશના રૂપે, એ પહેલાના કોઈ ભાવના આધારે હશે ?

**દાદાશ્રી :** પહેલા પુરુષાર્થ કરેલો. પહેલા ભાવના કરેલી કે વાણી આવી ભૂલવાળી ના હોવી જોઈએ, ભૂલ વગરની વાણી થવી જોઈએ. તે એનું ફળ આ હવે આવ્યું. એટલે અમે એનાથી મુક્ત થયા.

**પ્રશ્નકર્તા :** હજુ એક-બે અવતાર રહ્યા આપના, તો આથી પણ ઊંચા કલ્યાણના નિમિત્ત થવાની માટે કંઈ નવી વાણી થતી હશે ને મહીં ?

**દાદાશ્રી :** આ છે તે જ નવી વાણી, આથી બીજી ઊંચી વાણી ના હોય. અમારે હઉ એ વાંચવી પડે.

## સ્યાદ્વાદ વાણીથી થાય કલ્યાણ

આ બધા જે જે બોલે છે, જેટલું જેટલું બોલે છે, એ બધો જ ખુલ્લો અહંકાર છે. જ્ઞાની પુરુષેય જે વખતે ફક્ત સ્યાદ્વાદ બોલે, તે વખતે એમનો અહંકાર નહીં, પણ એ જો કંઈ બીજું બોલે ને, તો એમનો અહંકાર જ નીકળે છે. એ નીકળતો અહંકાર, ડિસ્ચાર્જ અહંકાર કહ્યો છે. જેટલું બોલે છે, એ બધું અહંકાર જ છે. બોલવાની જરૂર ના હોય તોય બોલી ઉઠે છે, નહીં ?

**પ્રશ્નકર્તા :** બીજાનું કલ્યાણ થાય એમાં.

**દાદાશ્રી :** એ બરાબર છે. બીજાનું કલ્યાણ થાય એનો વાંધો નહીં, પણ જ્યાં કલ્યાણ ના થવાનું હોય ને બીજી બાબત હોય ને ત્યાંય બોલી ઉઠે, 'ના, આમ કરવાનું, તમે નથી જાણતા.' જેટલું બોલે છે ને, એ બધો અહંકાર છે.

મહાવીર ભગવાનની સ્યાદ્વાદ વાણી હતી અને જ્ઞાની પુરુષની સ્યાદ્વાદ વાણી, સ્યાદ્વાદ એટલે શું કે બધા સાંભળે પણ કોઈને એમ ના લાગે, અમારી વિરુદ્ધનું બોલ્યા. મુસ્લિમ હોય, બીજા હોય, બધાને ગમે, એ સ્યાદ્વાદ કહેવાય. નિરાગ્રહી અને સર્વ સાપેક્ષને લેનારી ! તે ભગવાનની વાણી કેવી સરસ !

## સ્વકલ્યાણી થાય તો પરકલ્યાણ કરી શકે

**પ્રશ્નકર્તા :** સ્વકલ્યાણ પહેલું કે પરકલ્યાણ પહેલું ?

**દાદાશ્રી :** જે સ્વકલ્યાણ કરે ને, તે જ પરકલ્યાણ કરી શકે. બાકી પારકાનું કલ્યાણ કોઈ માણસ કરી શકે નહીં. પોતાનું કલ્યાણ કરેલું હોય તો જ બીજાનું કલ્યાણ થાય. અને બીજું, પારકાનું કલ્યાણ કરવા જે નીકળ્યા છે ને, એ તો ઈગોઈઝમ

(અહંકાર) છે ખાલી. હું કંઈક કરું છું. સંડાસ જવાની તો શક્તિ નથી. આ વર્લ્ડમાં કોઈ માણસ એવો પાક્યો નથી, જેને સંડાસ જવાની સ્વતંત્ર શક્તિ હોય !

એટલે પોતાનું કલ્યાણ પહેલું, તો બીજાનું કલ્યાણ થાય. હું બીડી છોડું અને પછી કહું કે 'બીડીઓ ના પીવી જોઈએ', તો એને અસર થાય. મારામાં ક્રોધ-માન-માયા-લોભ પડ્યા હોય ને હું કહું, 'બધા ક્રોધ-માન-માયા-લોભ કાઢી લાવ !' જુઓ, આ જગતનું કલ્યાણ કરવા નીકળ્યા છે ! જગતનું કલ્યાણ કોણ કરી શકે ? જેને પોતાનું સર્વસ્વ કલ્યાણ થઈ ગયું હોય, તે જગતનું કલ્યાણ કરવા નીકળે. અને કેવા તપ કરીને, આ તો કંઈ એ લાડવા ખાવાના ખેલ છે ?

## ગુપ્ત વેશે મોક્ષમાર્ગે ચાલી જવું

જગતનું કલ્યાણ થવાનું હશે ત્યારે થશે. તમને એની મેળે કુદરત નિમિત્ત તૈયાર કરે, ત્યાર પછી બનજો ને ! તમે તૈયાર થવા જશો નહીં. તૈયાર થવા જેવી ચીજ નથી એ ! અમારી જો સિદ્ધિઓ વેચવા માંડશો, તો જગત શું નહીં આપે ? પણ તમારી મનુષ્યરૂપી મૂડી ખલાસ નહીં, ઊલટી એ મૂડી જતી રહેશે ને નર્કના અધિકારી થઈ જાય ! આપણો તો મોક્ષમાર્ગ છે, ત્યાં તો ગુપ્ત વેશે ચાલી જવાનું છે !

## કલ્યાણ માટે ખપે શુદ્ધ અહંકાર

**પ્રશ્નકર્તા :** તો આ જગતને માટે આપણે કંઈ જ કરવાનું રહેતું નથી ?

**દાદાશ્રી :** તમારે કરવાનું હતું જ નહીં, આ તો અહંકાર ઊભો થયેલો છે. આ મનુષ્યો એકલા જ અહંકાર કરે છે કર્તાપણાનો. અહંકાર ના કરે તો કોઈ વાંધો નથી, પણ અહંકાર કર્યા વગર રહે નહીં ને !

અહંકારી છે એટલે અહંકારનું લક્ષ ભૂલે નહીં. શુદ્ધાત્માવાળો શુદ્ધાત્માનું લક્ષ ભૂલે નહીં. આપણે એવું કરી લેવું જોઈએ એક્ઝેક્ટ (ચોક્કસ) કે ભૂલચૂક ના થાય. અત્યારે આ હાજરી છે જ્ઞાની પુરુષની, તે (એમની) હાજરીમાં બધું જ કરી લેવું. શું એમાં વાંધો આવે એવો છે ?

એટલે અહંકારને શુદ્ધ કરવાનો. શુદ્ધ કેવી રીતે કરવાનો ? ત્યારે કહે છે કે અંદરના પરિગ્રહો ઉત્પન્ન થયા, તે ધીમે ધીમે મોહના પરમાણુઓ ઓછા કરવાના, ક્રોધના પરમાણુ ઓછા કરવાના, માનના પરમાણુ ઓછા કરવાના. એ બધા પરમાણુ જ ઓછા કરવાના ને અહંકાર શુદ્ધ કરવાનો. અહંકારમાં ક્રોધ-માન-માયા-લોભ, રાગ-દ્વેષના કોઈ પરમાણુ ના રહે અને એવો શુદ્ધ અહંકાર થાય ત્યારે શુદ્ધાત્માને એકાકાર થઈ જાય અંદર, કુદરતી રીતે જ.

## જગત કલ્યાણ માટે જ અમારું જીવન

પોતાનું દુઃખ મટે તો જ જગત કલ્યાણની ભાવના ઉત્પન્ન થાય. આ છોકરાંઓને સર્વસ્વ દુઃખ મટેલું છે, એટલે એ લોકોને જગત કલ્યાણની આખો દહાડો ભાવના રહે.

છોકરાંઓ ભાવનાપૂર્વક બોલો છો ને ? 'જગતનું કલ્યાણ કરવા માટે જ અમારું જીવન છે,' કહે છે. આવું જો કદી લાખો માણસ બોલે તો એના વાતાવરણથી જ જગત પાંસરું થઈ જાય. પણ એક માણસ બોલ્યો નથી. પુસ્તકમાં બધુંય લખ્યું છે, શાસ્ત્રમાં લખ્યું છે, પણ એ બોલ્યો હોય તો મિકેનિકલી બોલ્યો છે, કેવો બોલ્યો છે ? કારણ કે પોતે જ જ્યાં સુધી સુખી થયો નથી, ત્યાં સુધી બોલી શકે નહીં કોઈ આ. પોતે સુખિયો થયેલો હોય, તો જ જગતના કલ્યાણની વાત કરે.

## કલ્યાણ હેતુએ શુદ્ધાત્મા જાગ્રત

જગત કલ્યાણના વિચાર આવે છે તને કોઈ દહાડો ? કો'ક કો'ક દહાડો આવે છે કે બહુ ?

**પ્રશ્નકર્તા :** દાદા, હવે એ શરૂ થાય છે. આ અત્યાર સુધી એવું રહેતું કે હજુ એવી કલ્યાણની ભાવનાઓ કેમ આમ ઊભી નથી થતી સારી રીતે ? હવે દેખાય કે જો આ જ્ઞાન છે, આ શુદ્ધાત્મા આવો છે, એની સામે હવે કલ્યાણની ભાવના થાય છે ! યથાર્થ રીતે આત્મજ્ઞાન એટલે કે કલ્યાણ આવું હોવું ઘટે એને. અને એ નિરંતરની અનુમોદના સિવાય રહી શકાતું પણ નથી. નહીં તો દોષમાં પડે ને એના જેવું આખું લાગ્યા કરે છે.

**દાદાશ્રી :** જગત કલ્યાણ માટે બધું શરીર વપરાવા માંડ્યું. વાણી જગત કલ્યાણ માટે વપરાવા માંડી. અને મન તો શુદ્ધાત્મામાં છે. બધે જુએ તેને શુદ્ધાત્મા જુએ છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, શુદ્ધાત્મા.

**દાદાશ્રી :** પછી આવો યોગ તો મળે નહીં ને !

જ્યાં જ્યાં અને જેમાં જેમાં જગત કલ્યાણનો હેતુ છે, ત્યાં શુદ્ધાત્મા વિશેષ જાગૃત રહે છે.

**પ્રશ્નકર્તા :** અને જેટલા શુદ્ધાત્મા દેખાય એને કહે કે તમારું કલ્યાણ થાવ અને અમને કલ્યાણ કરવાની શક્તિ આપો. આમ તાર જોઈન્ટ કરતા જવાનું એમ ?

**દાદાશ્રી :** હા, આ બધા જઈને ત્યાં આગળ પવિત્ર ભાવથી આંદોલન (પરમાણુ/સ્પંદન) ફેંકે છે, એ આંદોલન ધીમે ધીમે બધે ફેલાશે. પછી વિચારો બધાના સુધરશે. એ આંદોલનથી, પ્રેમભાવથી આંદોલન કરવામાં આવે ને, તો બધાના વિચારો સુધરે. જેમાં કંઈપણ સ્વાર્થ નથી કે કોઈ પણ જાતનો ઘાટ નથી, એવા આંદોલન જો ફેંકવામાં આવે તો વિચારો સુધરે.

## લોકકલ્યાણ માટે પરાનુગ્રહી બનો

શુદ્ધાત્મા ભગવાન શું કહે છે કે જે બીજાનું સંભાળે છે, તેનું હું સંભાળી લઉં છું અને જે પોતાનું જ સંભાળે છે, તેને હું તેના ઉપર છોડી દઉં છું.

સંસાર એકદમ ઉદ્ધતાઈથી વાપરવાનો નથી પણ એની ખાતાવહી કરવાની છે. કયા કયા ખાતામાં ખોટ છે, કયા કયા ખાતામાં સંસારસુખ છે, એ પણ ખોળી કાઢવું પડે ને ! વેપારમાં ખાતાવહી રાખે પણ સંસારમાં ખાતાવહી નથી રાખતા ! સંસારના લોકોને વ્યવહાર ધર્મ શીખવાડવા અમે કહીએ છીએ કે પરાનુગ્રહી થા. પોતાની જાતનો વિચાર જ ના આવે. લોકકલ્યાણ માટે પરાનુગ્રહી બન. જો તારી જાતને માટે તું વાપરીશ તો તે ગટરમાં જશે અને બીજાને માટે કંઈ પણ વાપરવું તે આગળનું એડજસ્ટમેન્ટ છે.

## આપ્તપુત્રોનું જુલૂસ કરશે વિશ્વનું કલ્યાણ

મારી પાસે સોએક જણ છે મદદગાર, જે પૈણવાના ના હોય એવા, એને 'આપ્તપુત્રો' કહેવાય છે. એ આપ્તપુત્રો મારી જોડે છે. આ બધા તો ફેલાવો કરી આપે, બધો રસ્તો કરી આપે, પણ આપ્તપુત્રો તો ત્યાં જઈને ખબર આપી દે. શિબિરો ભરી ભરીને આપ્તપુત્રો કેળવાયેલા છે, એ થોડુંક બોલશે તો પણ સમજણ પડશે.

મમતા વગરના, મન-વચન-કાયાથી બ્રહ્મચર્ય પાળે છે. ધન્ય છે ને આ કાળમાં અજાયબી જ છે ને ! એ બધા કામ કરશે અને આપણો એ જ ધ્યેય છે. આપણે એના નિમિત્ત છીએ બધા.

ઊર્ધ્વ રેત (ગમન) થાય ને, તો કામ થઈ ગયું. ત્યાર પછી જે વાણી છૂટે, ત્યારે પછી જે સંયમ સુખ હોય, એની તો વાત જ જુદી છે ! આ જોશીલું જુલૂસ, તે જેટલા ભગવાને કહ્યા છે ને, એ સંયમના બધા ગુણો છે એમાં.

## પાંચ નહીં, સોએક આપ્તપુત્રોની જરૂર

મને કહે છે, 'આ આપ્તપુત્રો જેવા પાંચ જણ

હોય તો બહુ થઈ ગયું !' મેં કહ્યું, 'પાંચને નહીં ગાંઠે જગત ! અત્યારે સોએક જોઈએ, એકસો ને એક જોઈએ !' અને બધાય આપણે ટેકો કરીએ છીએ ત્યારે કલ્યાણ થાય. ટેકો તો કરવો જોઈએ ને, પોતપોતાની આંગળીથી બધાએ. કલ્યાણ થાય એ ભાવનાય પણ હોવી જોઈએ ને !

આ બધાનો ટેકો છે ને ? આ બધાનો ટેકો ત્યારે આ થાંભલો વચ્ચે ઊભો રહે, નહીં તો કેવી રીતે ઊભો રહે ? બીજા ટેકા હોય તો ઊભો રહે. ટેકાના આધારે થાંભલો અને થાંભલાના આધારે આખો તંબુ ઊભો રહે. જેમનાથી ટેકો દેવાય તે દેજો, આ તંબુમાં. આપણે તંબુ ઊભો કર્યો છે. ટેકો દેવો જોઈએ ને ? આ હિન્દુસ્તાનનું કલ્યાણ કરી નાખશે ! હિન્દુસ્તાનનું તો કલ્યાણ કરે, આખી દુનિયાનું કલ્યાણ કરવા નીકળ્યા છે ! આખા વર્લ્ડનું કલ્યાણ કરવા તૈયાર થયા છે !

## નિર્વિકારી પદથી થશે જગત કલ્યાણ

આ લોકો તો કહે છે કે 'અમને તો જગત કલ્યાણમાં દાદાને પૂરેપૂરો સાથ દેવો છે.' તેથી બ્રહ્મચર્ય પાળે છે. આ તો મેં નહીં ધારેલો એવો નવો જ ફણગો ફૂટ્યો છે !

હું તો એવું જાણતો હતો કે આ કાળમાં બ્રહ્મચર્ય રહી શકે જ નહીં. પૂર્વ ભવે ભાવના કરેલી હોય, તેને તો રહી જ શકે અને આપણા સાધુ-આચાર્યોને રહે જ છે ને ! પણ બીજા સામાન્ય માણસોનું ગજું જ નહીં ને ! જ્યાં નિરંતર બળતરામાં બળ્યા કરે છે, ત્યાં આગળ કોઈ બ્રહ્મચર્યની વાતો કરવા જાય ખરું ? અને કરે તો કોઈ સાંભળેય નહીં ! પણ આવા કાળમાં આપણે ત્યાં આ નવું જ નીકળ્યું ! આવું બ્રહ્મચર્યનું નીકળશે એવું તો મને સ્વપ્નેય ખ્યાલ નહીં. આ જગતનું કલ્યાણ થવાનું હોય ત્યારે જ આવું ભેગું થાય ને ! નહીં તો આવું બધું ક્યાંથી ભેગું થાય ? અમે તો કોઈ દહાડોય કલ્પ્યું નહોતું કે અમારે આવું જોઈએ છે કે અમારે આવું કરવું છે. આ તો બ્રહ્મચર્ય માટે છોકરાઓ સામેથી આવી આવીને પડે છે.

એટલે હું એવું કરવા માંગું છું આ બ્રહ્મચારીઓને, એને વાળ વાળ કરી અને જ્ઞાને કરીને બ્રહ્મચર્યમાં વળી જાય, એવું કરી આપું છું અને વળી શકે છે.

**પ્રશ્નકર્તા :** વળી શકે એ શબ્દ તો યોગ્ય નથી લાગતો. કારણ કે વળી શકે છે, દબાવી પણ શકે અને ઉછળી પણ શકે, પણ જ્ઞાને કરીને આપ એમને કૃપા કરો તો બહુ સરસ થાય.

**દાદાશ્રી :** હા, કૃપા જ. એ તો આ મોઢે શબ્દ બોલવા પડે, બાકી કૃપાએ કરીને થાય.

**પ્રશ્નકર્તા :** એ કૃપા વગર સાધ્ય નથી, દાદા.

**દાદાશ્રી :** અને તૈયાર થાય તો આ દેશનું કંઈક કલ્યાણ કરી શકે. એટલે તૈયાર થઈ જશે બધા.

જગતનું પરિવર્તન ક્યારે કરી શકાય ? તમારું શીલ જોઈને જ સામામાં પરિવર્તન થાય. તમારામાં જેટલું શીલ એટલું સામામાં પરિવર્તન થઈ શકે, નહીં તો કોઈ પરિવર્તનને પામે જ નહીં.

શીલવાન તો બહુ ઊંચી વસ્તુ છે. આત્મા મોક્ષસ્વરૂપ જ છે. જ્યારથી એ રિયલાઈઝ (અનુભવ) થયો, ત્યારથી મોક્ષસ્વરૂપ જ છે. પણ પહેલું શીલવાન થવું પડે, એના ગુણો ઉત્પન્ન થવા જોઈએ. પોતે શીલવાન થયો કે પછી જગતના બધા એના નિમિત્તે ફેરફાર થઈ જાય. જે મશીનરી ઊંધી ચાલતી હતી, તે બધી છતી થઈ જાય.

## કલ્યાણનો ભેખ, એક જ ધ્યેય

નિરંતર જગત કલ્યાણમાં, સ્વપ્ના પણ જગત કલ્યાણના આવે અને કલ્યાણ કરીને બીજું શું કલ્યાણ કરવાનું છે ? પૌદ્‌ગલિક કલ્યાણ

કરવાનું નથી, એમનું આ ધાર્મિક કલ્યાણ કરવાનું છે. પૌદ્ગલિક તો થઈ ગયું છે ને આ લોકોને! એક જ ધ્યેય, બીજો નહીં, અદબદ ધ્યેય નહીં, ભેળસેળવાળો ધ્યેય નહીં. ઊંઘમાં, જાગતા, ગમે તે ટાઈમે એક જ ધ્યેય. અડચણમાં પણ એક જ ધ્યેય, અડચણ બહાર પણ એક જ ધ્યેય !

આખા જગતના કલ્યાણ માટે જેણે ભેખ લીધો છે, એને જગતનું કોણ આંતરી શકે ? એવી કોઈ શક્તિ નથી કે જગતમાં આંતરી શકે અને આખા બ્રહ્માંડના દેવલોકો તમારી ઉપર ફૂલાં વરસાવી રહ્યા છે. એક પણ દેવ એવા નથી, જેને દાદાની ઓળખાણ ન હોય ! માટે હવે એક ધ્યેય નક્કી કરી નાખો કે આ એક જ કામ કરવું છે. આ શરીરની જરૂરિયાતો જાહોજલાલીથી આવશે.

### અમારી એક જ, આથમતી ઈચ્છા

જગતનું કલ્યાણ કરવું એ તો નિમિત્ત છીએ આપણે. આપણે શું કરવાના છીએ ? પણ નિમિત્ત. આપણો ભાવ શું છે ? જગત બધું સુખી થાવ. ત્યારે કહે, 'હિન્દુસ્તાન એકલું ?' ના બા, આખું જગત, જીવમાત્ર સુખને પામો. ત્યારે કહે, 'બધા જીવ ?' ત્યારે ફર્સ્ટ પ્રેફરન્સ (પહેલી પસંદગી) મનુષ્યો. અને સેકન્ડ પ્રેફરન્સ (બીજી પસંદગી) મનુષ્ય સિવાય ઈતર. પણ બધા જીવો સુખી થાવ, પણ ફર્સ્ટ પ્રેફરન્સ મનુષ્યોનું, કે જે લોકો દુઃખને સમજી શકે છે ને દુઃખને સહન કરી શકતા નથી.

એટલે આ જ બધું કાર્ય કરવાનું જ્યાં જઈએ ત્યાં પાણી છાંટવાનું. જગત પર જે અશાંતિ થઈ છે તે એમાં પાણી છાંટ છાંટ કરવાનું. આ પબ્લિક (લોક)નું, હિન્દુસ્તાનનું કેમ કરીને કલ્યાણ થાય, એની માટે પેરવીમાં છું. 'અમારે' એક જ ઈચ્છા હોય, તેય આથમતી, 'જગત કલ્યાણની'!

### ભાવો ભાવના નિરંતર જગત કલ્યાણની

નિરંતર જગત કલ્યાણની ભાવના, બીજી કોઈ જ ભાવના ના હોય. ખાવાનું જે મળે, સૂવાનું જે મળે, જમીન પર સૂવાનું મળે તોય પણ નિરંતર ભાવના શી હોય ? જગતનું કેમ કરીને કલ્યાણ થાય ! હવે એ ભાવના ઉત્પન્ન કોને થાય ? પોતાનું કલ્યાણ થઈ ગયું હોય તેને એ ભાવના ઉત્પન્ન થાય. પોતાનું કલ્યાણ થયેલું ના હોય એ જગતનું કલ્યાણ શી રીતે કરે ? ભાવના ભાવે તો થાય. 'જ્ઞાની પુરુષ' મળે તો એને 'સ્ટેજ'માં લાવી નાખે. અને સ્ટેજમાં આવ્યા પછી એમની આજ્ઞામાં રહે તો ભાવના ભાવતા આવડે. 'બધાનું કલ્યાણ થાઓ' એ ભાવના પહેલા પોતાનું જ કલ્યાણ કરે !

આપણું પોતાનું કલ્યાણ થઈ ગયું પણ આ લેખે ક્યારે લાગે કે બીજાનું કલ્યાણ થાય તો ! મહાવીર ભગવાનેય પારકાના કલ્યાણ માટે જ જીવ્યા હતા આખી જિંદગી. કારણ કે એમનું તો કલ્યાણ થઈ ગયું હતું. એટલે આવું કંઈક કરો હવે ધમધોકાર !

### મહાત્માઓ થકી પણ થશે કલ્યાણ

**પ્રશ્નકર્તા :** જ્ઞાન મળ્યા પછી પોતાનું જે આત્માનું સુખ ઉત્પન્ન થયું છે, નિરંતર આનંદ રહે છે, એ આનંદ અને એ સુખ આ જગતના લોકો પામે એ જ ભાવના બાકી રહી છે, બસ !

**દાદાશ્રી :** જગતનું કલ્યાણ કરવા માટે મારી પાસે પાંત્રીસ હજાર માણસો છે! તે આખો દહાડો ને રાત મનમાં શું વર્ત્યા કરે છે ? ક્યાંથી કલ્યાણ થાય, કેમ કરીને કલ્યાણ થાય ! હવે કેમ આ આવું ? તો કહે, જેનું પોતાનું કલ્યાણ થઈ ગયેલું હોય, તે જ જગત કલ્યાણ ખોળે. જગત કલ્યાણ ક્યારે ખોળે ? પોતાના ઘેરનું, પોતાનું થઈ ગયું હોય, ત્યારે ખોળે ને ? હવે તમે શેના માટે નીકળ્યા ? આ શાને માટે દાદાનું બોલાવો છો ?

**પ્રશ્નકર્તા :** ભૌતિક સુખનું તો કલ્યાણ થઈ ગયું છે, હવે આત્માના કલ્યાણ માટે.

**દાદાશ્રી :** આ લોકોનું કલ્યાણ કેમ થાય એ જ અમારે જોવાનું. અને એટલા જ માટે આ અમારો અવતાર થયો છે. આ અડધા જગતનું કલ્યાણ અમારા હાથે થશે અને બાકી અડધા જગતનું કલ્યાણ આ અમારા ફોલોઅર્સ (અનુયાયીઓ)ને હાથે થશે. અમે તેના કર્તા નથી, નિમિત્ત છીએ.

## લઘુતમ પદથી થશે લોકોનું કલ્યાણ

અમારી એ જ ભાવના છે કે ભલે એક અવતાર મોડું થશે તો વાંધો નથી, પણ આ 'વિજ્ઞાન' ફેલાવું જોઈએ અને 'વિજ્ઞાન' લોકોને લાભ કરવું જોઈએ. તેથી ખુલાસો કરવા માટે હું આવ્યો છું. મને નવરાશ છે, મારે કોઈ કામ નથી. નવરામાં નવરો માણસ હું છું અને તદ્દન બુદ્ધિ વગરનો હું એકલો જ છું. એટલે મને કશી ભાંજગડ નથી. તમારે તો ભાંજગડ હોય. બાકી, હું કંઈ તમારાથી મોટો નથી, એ તમને લાગે એવું? આ તો વ્યવહારને ખાતર આ ઊંચે પદે બેઠા છીએ.

**પ્રશ્નકર્તા :** તમે કહ્યું કે મને મોક્ષની ઉતાવળ નથી, તો આવું કેમ?

**દાદાશ્રી :** મારે શી ઉતાવળ ? મને મોક્ષ થયેલો જ લાગે છે, પછી ? મોક્ષ માટે કોને ઉતાવળ હોય કે આ દુઃખોથી જલદી છૂટવું હોય ને, તે ઉતાવળ કરે. મારે તો મોક્ષ થયેલો જ છે. હવે મારી ઈચ્છા છે કે લોકોનું કલ્યાણ થાવ. એ પછી અમે નિરાંતે જઈશું.

**પ્રશ્નકર્તા :** એ લઘુતમ ભાવ છે આપનો ?

**દાદાશ્રી :** અમારું આ લઘુતમ સ્વરૂપ છે, એટલે લોકોનું કલ્યાણ કરી નાખશે. અમારું કામ બાકી છે વધારે.

**પ્રશ્નકર્તા :** કેટલા વખત કરશો એ કામ ?

**દાદાશ્રી :** ના, એ વાંધો નથી. મારે જે રીતે જવાનું છે ને, એ સ્ટેશનને આવતા વાર લાગે એવું છે.

**પ્રશ્નકર્તા :** એટલે અમને વહેલા મોકલશો ?

**દાદાશ્રી :** આમાં કેટલાક છે તે રહેશે, મારી જોડે આવશે. એવું કંઈ ખોળવા જેવું નહીં, એની મેળે શું બને છે એ જોયા કરો !

## કલ્યાણપંથે પૂર્ણ દશા પ્રાપ્તિ

કલ્યાણ થાય એવી ભાવના રાખવી, એ જ આપણી પૂર્ણ દશા ઉત્પન્ન કરાવડાવે. ઊલટો મહીં તે ઘડીએ આનંદ બહુ રહે છે, નહીં ? ખૂબ જ આનંદ રહે. બીજું કશું જાણવા જેવું નથી. આત્મા જાણવા જેવો હતો એ જાણી લીધો. આપણું સ્વરૂપ શુદ્ધાત્મા અને આ જે વિનાશી ઉપર આઘુપાછું થયા કરે છે એ બધું જ પુદ્‌ગલ.

પુદ્‌ગલની, આત્માની બધી જ શક્તિઓ એકમાત્ર પ્રગટ પરમાત્મામાં જ લગાડવા જેવી છે. મનુષ્યમાં પૂર્ણ પરમાત્મ શક્તિ છે, જે વાપરતા આવડવી જોઈએ. 'જ્ઞાની પુરુષ' બધી જ શક્તિઓ આપવા તૈયાર છે, શક્તિ તમારી મહીં જ પડી છે, પણ તમને તાળું ઉઘાડીને લેવાનો હક્ક નથી. જ્ઞાની પુરુષ ઉઘાડી આપે ત્યારે એ નીકળે. આ હિન્દુસ્તાનનો એક જ માણસ આખા વર્લ્ડનું કલ્યાણ કરી શકે એટલી બધી શક્તિઓ છે, પણ આ શક્તિઓ અત્યારે ઊંધે રસ્તે વહી રહી છે તેથી 'સેબોટેજ' (નુકસાન) થઈ રહ્યું છે. આના 'કંટ્રોલર' (નિયંત્રણ કરનાર) જોઈએ. 'જ્ઞાની પુરુષ', સત્ પુરુષો અને સંત પુરુષો આના નિમિત્ત હોય છે.

## જ્ઞાની શરણે થવાય પૂર્ણ

'દાદા' તો સંપૂર્ણ સુખિયા, તે તેમના શરણાં લીધા, પછી વાંધો જ ક્યાંથી? જેટલા ઘાટવાળા છે ને, કંઈ પણ ઘાટ છે તે દુખિયા. તેવાનું શરણું લે, તે પછી દુઃખી જ થાય ને ! જે દુખિયો હોય

તે પોતાનું દળદર ફેડી શક્યો નથી, તો તે આપણું શું ફેડી શકશે ? જે પૂર્ણ સ્વરૂપ છે, અનંત સુખના ધામ છે, જેને કોઈ પણ જાતનો ઘાટ નથી, કોઈ ઈચ્છા રહી નથી, ત્યાં આગળ જાય અને તેમનું શરણું લીધું તે પછી પૂર્ણ જ થવાય.

'અમે' આખા જગતના દુઃખો લેવા આવ્યા છીએ, જેને સોંપવા હોય તે આ 'દાદા'ને સોંપી જાય.

## દાદાએ ભેલાડ્યું છે જ્ઞાન ગહન

હું તો શું કહું છું કે 'મારી જોડે ચાલો બધા.' ત્યારે કહે, 'ના, તમે એક ડગલું આગળ.' ત્યારે હું કહું કે 'એક ડગલું આગળ, પણ મારી જોડે ચાલો.' હું તમને શિષ્ય બનાવવા માગતો નથી, હું તમને ભગવાન બનાવવા માગું છું. તમે છો જ ભગવાન, તે તમારું પદ તમને અપાવવા માગું છું. હું કહું છું કે 'તું મારા જેવો થા બરોબર ! તું ઝળકાટવાળો થા. મારી જે ઈચ્છા છે એ તું થઈ જા ને!'

મેં તો મારી પાસે કશું રાખ્યું નથી, બધું તમને આપી દીધું છે. મેં કશું ગજવામાં રાખી મૂક્યું નથી. જે હતું એ બધું જ આપી દીધું છે, સર્વસ્વ આપી દીધું છે ! પૂર્ણ દશાનું આપેલું છે બધું. અને અમારે તો તમારી પાસેથી કશું જોઈતું નથી. અમે તો આપવા આવ્યા છીએ, બધું અમારું જ્ઞાન આપવા આવ્યા છીએ. એટલે જ આ બધું ઓપન (ખુલ્લું) કર્યું છે. તેથી લખ્યું ને, 'દાદા જ ભોળા છે, ભેલાડ્યું છે જ્ઞાન ગહન.'

જ્ઞાન કોઈ ભેલાડે જ નહીં ને ! અરે, આ ભેલાડવા દો ને, તો લોકોને શાંતિ થાય, ટાઢક થાય. અહીં મારી પાસે રાખીને હું શું કરું ? એને દબાવીને સૂઈ જાઉં ?

અને નિયમ એવો છે કે આ દુનિયામાં દરેક ચીજ આપેલી એ ઘટે, અને ફક્ત જ્ઞાન આપેલું એ વધે ! એવો સ્વભાવ છે. જ્ઞાન એકલું જ, બીજું કશું નહીં. બીજું બધું તો ઘટે. મને એક જણ કહે છે કે 'તમે જેટલું જાણો છો એટલું કેમ કહી દો છો ? થોડુંક દાબડીમાં રાખતા નથી ?' મેં કહ્યું, 'અલ્યા, આપવાથી તો વધે ! મારું વધે ને એનુંય વધતું હોય, તો શું ખોટ જાય છે મારામાં ?'

## ભેલાડવા માટે ખપે જિગર

જે (પોતાની) પાસે છે એને ભેલાડી દેવું. અને તે સારા કામ માટે, મોક્ષને માટે, અગર મોક્ષાર્થીઓ, જિજ્ઞાસુઓ માટે, અગર જ્ઞાનદાન માટે ભેલાડી દેવું. એ મોક્ષનો જ માર્ગ. આ ભાઈ ભેલાડી દેતા હતા તે પછી મને પૂછતા હતા કે શું મોક્ષનો માર્ગ ? મેં કહ્યું, 'આ જ મોક્ષનો માર્ગ.' આથી બીજો મોક્ષનો માર્ગ કેવો હોય તે ? પોતાની પાસે હોય એ ભેલાડી દેવું, એનું નામ મોક્ષનો માર્ગ.

**પ્રશ્નકર્તા :** ભેલાડવા માટે જિગર જોઈએ ?

**દાદાશ્રી :** હા, જિગર જોઈએ. મોક્ષમાં જવું હોય તો જિગર એની મેળે આવે. જો ને કેવી જિગર છે ! આ કાળમાં જ્ઞાન મળ્યાથી મોક્ષ થાય ખરો, પણ જોડે જોડે આ ભાવના હોય ને તો બહુ હેલ્પફુલ થાય. સ્પીડી થાય. અડચણ વગર થાય. મોક્ષ તો જ્ઞાનનું ફળ જ છે, પણ જોડે જોડે આ એક ભાવના જોઈએ, ભેલાડવાની !

આપણી પાસે પાંચ પૈસા હોય તો ચાર પૈસા પણ ભેલાડી દેવા. એ તો લાખ્ખોધિપતિ ગમે તે કરે, કરોડાધિપતિ હોય તે ગમ્મે તે કરે. આપણે એમની જોડે દોડીએ તો માંદા પડીએ. એવું નહીં કરવાનું. પણ ભાવના એવી રાખવી કે ભેલાડી દેવું છે.

## કલ્યાણ કાજે વહે જ્ઞાનીની કારુણ્યતા

આ જ્ઞાની પુરુષના વચન છે, તે વચનબળેય

કામ કરે અને એમાં હેતુય કામ કરે. આની પાછળ કરુણાય કામ કરે. આ વચનની પાછળ અમારી કરુણા ઊભેલી છે ! કેવી કરુણા ? લેવાદેવા વગરની. કંઈ માન જોઈતું નથી, તાન જોઈતું નથી. તારી પાસે આ જગતની કોઈ ચીજ જોઈતી નથી. માટે શા હેતુથી છે ? કરુણા હેતુથી છે.

આપણે શું કહીએ છીએ કે સર્વ દુઃખોના ક્ષય કરો. આ દુઃખો અમારાથી જોવાતા નથી. છતાં અમને ઈમોશનલપણું થતું નથી. એટલા જોડે જોડે વીતરાગ છીએ. છતાં સામાના દુઃખ અમારાથી સહન ના થઈ શકે. કારણ કે અમે અમારી સહનશક્તિ જાણીએ છીએ. અમારાથી દુઃખ કેવું સહન થતું હતું તે જાણીએ ને, તો એવું આ લોકો કેવી રીતે સહન કરી શકતા હશે એ અમને ખ્યાલ છે એનો અને એ જ કારુણ્યતા છે અમારી !

જ્ઞાની પુરુષ પોતે ઍબ્સોલ્યુટ (સંપૂર્ણ) થયા હોવાથી એમને આધાર-આધારી સંબંધ રહ્યો નથી. ઍબ્સોલ્યુટ ! ભલેને આ ભાવના રહી જગત કલ્યાણની, પણ પોતે થયા છે તો ઍબ્સોલ્યુટ ! ઍબ્સોલ્યુટ એટલે નિરાલંબ. કોઈ અવલંબનની એમને જરૂર નહીં ! સ્વતંત્ર, કેવળ જ, બીજું કંઈ મિક્ષ્ચર (ભેળસેળ) નહીં.

## અપવાદ, ગૃહસ્થી છતાં જ્ઞાનાવતાર

આ કાળના મનુષ્યો બહુ પુણ્યશાળી છે કે આ દુઃખેય પુષ્કળ પડ્યા, પણ પુણ્યૈ મહીં ભારે હશે કેટલાકની. તે આ જ્ઞાની પુરુષ ગૃહસ્થ ભાવે ઊભા થયા છે. અને એવું છે ને, મારી જગ્યાએ કોઈ ત્યાગવાળા જ્ઞાની પુરુષ હોત ને, તો તમારું ગૃહસ્થીનું કલ્યાણ શી રીતે થાય ? કારણ કે તમારા મનમાં એમ રહ્યા કરે કે 'એ તો ત્યાગી છે એટલે એ આવું બધું કરી શકે, પણ આપણાથી શી રીતે થાય ? આપણે તો ગૃહસ્થી છીએ.' ત્યારે કુદરતનો નિયમ એવો હોય છે, કોઈ ફેરો ગૃહસ્થીનેય જ્ઞાની બનાવી દે છે. એટલે ગૃહસ્થી લોકોના મનમાં એમ થાય કે એ જો આટલા બધામાં રહી શકે છે, તો મારાથી કેમ ના રહેવાય ? એવો એને દાખલો મળે.

જ્ઞાની પુરુષ ક્ષણવાર દેહમાં રહેતા ના હોય. છતાંય ધંધા ચાલે છે, એય અજાયબી છે ને ! તે પછી તમને હિંમત આવે કે નહીં ? કે 'આ ધંધો કરે છે અને વીતરાગતાથી રહે છે, તો હું પણ કેમ ના રહી શકું ?' અને મારી જગ્યાએ ત્યાગી હોય તો તમને એમ થાય કે 'ભાઈ, એ તો બૈરી-છોકરાં ત્યાગેલા ને હું તો બૈરી-છોકરાંવાળો, એટલે આપણાથી કશું વળે નહીં.' એ ભેદ પડી જાય.

બાકી આ તો અપવાદ છે, નહીં તો ઘરમાં જ્ઞાની રહે જ નહીં. સંપૂર્ણ જ્ઞાની ઘરમાં હોય નહીં. આવું બને નહીં ને ! આ કો'ક જ ફેરો, જબરજસ્ત પુણ્યૈ હોય તો જ ! કેટલી મોટી જબરજસ્ત પુણ્યૈ ! ને જ્ઞાનપ્રતાપ કેટલો બધો હોય ત્યારે રહી શકાય ! એય અજાયબી છે ને ! લોકોનું પુણ્ય જાગ્યું છે. આ તો અમે કેવળજ્ઞાનમાં નાપાસ થયેલા છીએ. નાપાસ થયા તો લોકોને કામ લાગ્યા ને !

## નિયાણું, જગત કલ્યાણનું જ

ત્રણ લોકના નાથ અમને વશ થયા છે ! એમની પાસે વાચા નથી, હાથ-પગ નથી; તેથી અમને વશ થયા છે અને અમને કલ્યાણના નિમિત્ત બનાવ્યા છે ! માટે અમે તો કહી છૂટીએ કે આ પરપોટો (દેહ) છે, ત્યાં સુધી કામ કાઢી લો.

જ્ઞાની પુરુષ સૂક્ષ્મ દેહે આખા વર્લ્ડમાં ફરે અને જગત કલ્યાણ કરે. 'જ્ઞાની પુરુષ' ઓરડીમાં બેઠાં બેઠાં ભટકે (ફરે) છે, એવું તો કોઈ ભટકતું (ફરતું) જ નથી. જગત કલ્યાણનું જેનું 'નિયાણું' ના હોય, તે 'જ્ઞાની' ન હોય. જેને બીજું 'નિયાણું' હોય, તે 'જ્ઞાની' જ્ઞાની જ નથી.

જેને કેવળ જગત કલ્યાણ કરવાની જ

ભાવના રહેતી હોય અને સંસારનો કોઈ મોહ ના રહ્યો હોય, બધું 'ડ્રામેટિક' (નાટકીય) કરતો હોય, તે 'તીર્થંકર ગોત્ર' બાંધે !

આ જગત કલ્યાણ કેવી રીતે થાય એવી ભાવના ભાવવાની, એ છેલ્લી ભાવના છે. પછી તીર્થંકર ગોત્રને માટે નહીં, પણ એ ભાવના ભાવવાથી શું થાય ? આપણું મહીં ક્લીયર (ચોખ્ખું) થઈ જાય અને બીજો રોગ પેસે નહીં.

## કલ્યાણની ભાવનાથી બંધાય તીર્થંકર ગોત્ર

**પ્રશ્નકર્તા :** દાદા, આ તીર્થંકર ગોત્ર કેવી રીતે બંધાય છે ?

**દાદાશ્રી :** એ જગતનું કલ્યાણ કરવાની જ ભાવના, બીજી કોઈ ભાવના જ ના હોય. પોતાનું કલ્યાણ થાય કે ના થાય, પોતાના દુઃખને રડે નહીં, લોકોના જ દુઃખને રડ્યા કરે. એ ધીમે ધીમે ધીમે તીર્થંકર થવા માંડે. જે પોતાના સુખને રડ્યા કરે, એનાથી કોઈ દહાડો કશું થાય નહીં. લોકોના દુઃખ એને સહન ના થાય, આખા જગતનું કલ્યાણ કરવાની ઈચ્છા હોય, ત્યારે તીર્થંકર થાય.

આ સંસાર અગ્નિમાં નિરંતર બળતા જીવો, તે સંસારમાં ભટક્યા કરે છે. આમથી તેમ ભટકતા ને બગવાયેલા, નાહ્યા પછીય રઘવાયેલો ને બગવાયેલો ફરે છે. તેમનું કલ્યાણ કરવાની ભાવના સેવે છે, તે તીર્થંકર ગોત્ર બાંધે છે.

તીર્થંકર એટલે જેને જોવાથી જ કલ્યાણ થઈ જાય ! વાણી એવી બોલે કે મીઠી દ્રાક્ષ જેવી ! તે સાંભળતાં જ ફેરફાર થઈ જાય માણસમાં.

અનંત જીવો વિપરીત માર્ગમાં વિચરે છે. તેમાંથી એક જ જીવને સદ્‌માર્ગે ધર્મમાં વાળી લાવે તે તીર્થંકર ગોત્ર બાંધે.

**પ્રશ્નકર્તા :** જ્ઞાની થયા પછી તીર્થંકર થાય ?

**દાદાશ્રી :** જ્ઞાની થયા પછી તીર્થંકર કે કેવળીયે થઈ જાય, પણ જ્ઞાનીની પરિણતિ જ એવી હોય કે કેમ કરીને જગતનું કલ્યાણ થાય, તેથી ઘણું કરીને તીર્થંકર ગોત્ર જ બાંધે. એક જીવ જો પાછો વાળે તો ભગવાને તેને તીર્થંકર ગોત્ર બંધાય કહ્યું, એક જ જીવને !

દેહ છે, એટલે સંસારમાં હોય જ. સંસારમાં એટલે સંડાસ જાય એ બધા સંસારી જ કહેવાય, પણ ભાવ ક્યાં છે એ જોવાનું આપણે. તે ભાવ કષાયોમાં હોય તો એ સંસારી કહેવાય અને ભાવ લોક કલ્યાણમાં જ હોય તો એ તીર્થંકર ગોત્ર બાંધે. અને ભાવ પોતાના આત્મામાં જ હોય તે મોક્ષે જાય.

**પ્રશ્નકર્તા :** જગતનું કલ્યાણ કરવાની ભાવનાવાળો હોય, એ જ તીર્થંકર ગોત્ર બાંધે ને ?

**દાદાશ્રી :** હા, પણ એ પહેલું પોતાનું કલ્યાણ થઈ જાય ત્યારે પછી એ તીર્થંકર ગોત્ર બાંધે. એટલે પોતાનામાં આનંદ વધી જાય, પછી આવો આનંદ લોકો પામે તો સારું.

**પ્રશ્નકર્તા :** પણ એ એનું નિયાણું હોય ને કે 'જે હું પામ્યો છું. એ જગત પામે.'

**દાદાશ્રી :** હા, એ પોતાનું નિયાણું, એ પામે બસ.

**પ્રશ્નકર્તા :** અને જગતને પમાડવા માટે જે કંઈ પણ કરવું પડે એ હું કરું, એવો ભાવ હોય.

**દાદાશ્રી :** હા, એટલે તીર્થંકર ગોત્ર બંધાય. લોકોના માટે જે કરવામાં આવે એ બધું તીર્થંકર ગોત્ર બાંધે.

## તીર્થંકરોની કલ્યાણ ભાવના

દાદાની ઈચ્છા એવી છે કે 'આ જગત કંઈક સાચા જ્ઞાનને ને કંઈક સાચા માર્ગને પામો

ને કેટલાક મોક્ષને પામો, કેટલાક શાંતિને પામો, કેટલાક વીતરાગ માર્ગને પામો ને કેટલાક સાચા ધર્મને પામો', એ જ દાદાની ઈચ્છા, બીજી કશી ઈચ્છા નથી. એ ઈચ્છાના માટે છે બધું આ. તીર્થંકરોનેય તેવી ઈચ્છા હોય છે.

તીર્થંકરોએ તો જગતનું કલ્યાણ કરવાની ભાવનાઓ ભાવેલી છે. ભાવના ક્યારે ભાવેલી ? એના એક-બે અવતાર પહેલાં. આગલો અવતાર ને એના આગલા અવતારમાં કે 'મને જે સુખ મળ્યું છે, એવું સુખ જગતને હો. અને જગત આવી સ્થિતિમાં ન રહો. દુઃખી સ્થિતિમાં ન હો.' એટલે એવી ભાવના ભાવી છે કે 'જગતનું કલ્યાણ થાય, એનો નિમિત્ત હું થઉં.' તો એ તીર્થંકર ગોત્ર બાંધ્યું, તીર્થંકર નામકર્મ બાંધ્યું. એ જ્યાં જ્યાં જાય ને, ત્યાં તીર્થભૂમિ કહેવાય. જ્યાં જ્યાં ફરે એ બધી ભૂમિ જ તીર્થની. પછી આપણા લોકો કેટલાય વર્ષો સુધી ભમ્યા કરે એ તીર્થભૂમિ ઉપર, પવિત્ર ભૂમિ ઉપર. એટલે તીર્થંકર નામકર્મ બાંધેલું હોય, તે નામકર્મ તે ઘડીએ ડિસ્ચાર્જ થયા કરે. ડિસ્ચાર્જ થઈ જાય એટલે કૉઝીઝ છે નહીં, એટલે સીધા મોક્ષે ચાલ્યા. અને કેવળી સીધા મોક્ષે ચાલ્યા જાય. એમને બીજી કશી ભાંજગડ નહીં ને ! પોટલાં નહીં.

## વાણી : કેવળીની, તીર્થંકરોની

**પ્રશ્નકર્તા :** સામાન્ય કેવળી ભગવંતની અને તીર્થંકરની વાણી, એ બેમાં શું ફેર રહ્યો ?

**દાદાશ્રી :** બહુ ફેર. તીર્થંકર ભગવાનની વાણી તો 'અતિશય' સહિત હોય અને કેવળીની વાણી હું જેવું બોલું છું ને, તે મારા કરતાં ચાર ડિગ્રી તેમની વાણી વધારે ચઢેલી હોય. જો મારે ત્રણસો છપ્પન ડિગ્રીને બદલે ત્રણસો સાઠ ડિગ્રી થાય ને, તો હું જે બોલું એવું જ એ કેવળી બોલે. પણ કેવળી કોઈનું કલ્યાણ ના કરે. પોતે એકલા બૂઝે, પણ બીજાનો દીવો સળગાવી આપે નહીં. તીર્થંકર સિવાય કે ભેદવિજ્ઞાની સિવાય બીજાને કોઈ બૂઝાડે નહીં.

**પ્રશ્નકર્તા :** કેવળજ્ઞાન થાય ત્યારે અમુક વખત પછી દેહ રહી શકે ખરો ?

**દાદાશ્રી :** સારી રીતે રહે. ક્યાં જાય ? આયુષ્યકર્મ પૂરું થાય ત્યારે છૂટે. ભગવાન મહાવીરને લગભગ બેંતાલીસ વર્ષની ઉંમરે કેવળ જ્ઞાન થયું હતું. પછી બોંતેર વર્ષ સુધી જીવ્યા. એટલે એ ત્રીસ વર્ષ પોતાનું આયુષ્યકર્મ પૂરું કરવા માટે. છૂટકો જ નહીં ને ! એ છોડે જ નહીં ને ! એ બંધન છે એક જાતનું. આ તો આપણે આયુષ્ય શાને માટે વધારેની ભાવના રાખીએ ? લોકોના, જગત કલ્યાણના માટે. તમારા બધાના સંસારી સુખના માટે નથી, લોકોનું કલ્યાણ થાય, આપણું કલ્યાણ થાય એવું !

## ક્ષત્રિયો બાંધે તીર્થંકર ગોત્ર

**પ્રશ્નકર્તા :** તીર્થંકર પદ કોઈ પણ વ્યક્તિ બાંધી શકે ?

**દાદાશ્રી :** એમ ને એમ કંઈ તીર્થંકર થવાય, બા ? તેથી ભગવાને કહ્યું ને કે બધા જેટલા ક્ષત્રિયો એટલા જ તીર્થંકર થવાને લાયક, બીજા કોઈ કે બ્રાહ્મણ તીર્થંકર ના થઈ શકે, તેમ વૈશ્યો પણ ના શઈ શકે. તીર્થંકર ના થઈ શકે, તેઓ કેવળી થાય.

**પ્રશ્નકર્તા :** પણ એ તો દાદા, આમેય હિંમતનું જ કામ છે ને !

**દાદાશ્રી :** ના, એટલે માથું મૂકવું હોય તો આમ જુદું મૂકે. ચોખ્ખું હૃદય ! જેટલું બોલ્યા ને, એમાં પછી કહેશે, 'ભાઈ, આજથી લક્ષ્મી-બક્ષ્મી કંઈ ના જોઈએ.' એવું પોતે મનથી બોલે ને, તો ગિનીઓ-બિનીઓ બધુંય આપી દે. અને વૈશ્યો છે તે ગિનીઓ થોડીક રહેવા દે. કહેશે, 'ભાઈ, કાલે સવારે આપીશ.' કાલે સવારે શું છે ને શું નહીં, પેલા (ક્ષત્રિયો) વિચાર ના કરે.

**પ્રશ્નકર્તા :** એ તો કહે છે ને, હરિનો માર્ગ છે શૂરાનો...

**દાદાશ્રી :** મમતાની ગાંઠ સૌથી વહેલી નીકળી જાય એવી હોય તે ક્ષત્રિયોને જ નીકળે. બીજા કોઈને મમતાની ગાંઠ ના નીકળે, બહુ મોડી નીકળે.

## મમતા છૂટતા, થાય કલ્યાણ ભાવ

પોતાની મમતા છૂટી ગયેલી હોય તો લોકોનું કલ્યાણ કરવાની ભાવના થાય. જગતનું કલ્યાણ કરવાની ભાવના જ એને થાય. તીર્થંકર ગોત્ર જ એ બાંધી શકે. મમતા છૂટ્યા વગર આ ના થાય. જેને એક સેન્ટ પણ મમતા છે, એ કોઈનું કલ્યાણ કરી શકે નહીં. મમતા ભણી જ એની દૃષ્ટિ હોય. મમતા તમારા બધાની સો ટકા કાઢી નાખી, પણ તેય ડિસ્ચાર્જમાં તો ખરી ને પાછી હજી. અમારી ડિસ્ચાર્જમાંય મમતા ઊડી ગયેલી. અમારે મમતા હોય જ નહીં. અમારે તો કહ્યું કે મૂકી દો એ, તો આ મૂકી દીધું, લે. એની ભાંજગડ નહીં ને !

આ ભાઈ જે બધું કરે છે, કોઈકને ટેલિફોન કરે છે, કોઈકને ઘરે કાગળો લખીને ખબર આપે છે, તે શું કરવા ? તેમને કંઈ કીર્તિ નથી જોઈતી. આ તીર્થંકર ગોત્ર બાંધવાની તૈયારી કરી રહ્યા છે. લોકોને તો રાઈના દાણે દાણે મમતા છે, તે મમતા શી રીતે જાય ? મમતાને જે જે લોકો મારવા નીકળ્યા છે, તેના તો મમતાએ સાંધા જ ગગડાવી નાખ્યા છે. જ્ઞાનીને શરણે જા, તો મમતાનો નિકાલ કરી આપશે ને મારશે નહીં. મારવું એ તો તરછોડ કહેવાય. અમે કશાને તરછોડ મારીએ નહીં. અમને કશા ઉપર રાગ-દ્વેષ હોય નહીં. કોઈ વસ્તુને છોડવા-કરવાનું કહીએ નહીં.

## નિરિચ્છક પદે મહાવીરે વેદ્યું તીર્થંકર ગોત્ર

મહાવીર ભગવાને કહેલું કે પુણ્યશાળીઓ માટે ૨૪૦૦ વર્ષ પછી અપવાદ માર્ગ ઊભો થશે, તે આજે આ અપવાદ માર્ગ ઊભો થયો છે ! મહાવીર ભગવાનને (પૂર્વ ભવે) જગત કલ્યાણ સિવાય બીજો વિચાર આવતો નહોતો. ત્યાર પછી તીર્થંકર ગોત્ર બંધાયું. આવો જે વિચાર આવ્યા જ કરતો'તો, પછી તીર્થંકર ગોત્ર બંધાયું. પછી એ વેદ્યું પાછું. તીર્થંકર ગોત્ર વેદ્યું ત્યારે લોક કહે છે કે એમણે કર્યું. અરે, વેદ્યું છે એમણે આખું તીર્થંકર ગોત્ર ! જન્મથી તે છેક સુધી, નિર્વાણકાળ સુધીનું એમણે વેદ્યું. શું છે તે ?

**પ્રશ્નકર્તા :** નિકાચિત કર્મ છે.

**દાદાશ્રી :** હા, તે તીર્થંકર ગોત્ર વેદ્યું એમણે. એમની દેશના છે તે વેદન હતું એમનું. વેદ્યું એટલે શું ? પોતાની ઈચ્છા ન હોય તોય બોલ્યા જ કરે. ઈચ્છા જ રહી નથી ને ! જ્યાં આગળ પોતાની ઈચ્છા જ રહી નથી, પછી તો તીર્થંકર ગોત્ર બંધાયું. નિરિચ્છક દશા એટલે સંસારની પૌદ્ગલિક પરિણતિ સહેજ પણ ના હોય ત્યારે તીર્થંકર ગોત્ર બંધાય.

**પ્રશ્નકર્તા :** તીર્થંકર ગોત્ર એ પણ એક પ્રકારની આકાંક્ષા છે, મુક્તિની આકાંક્ષા જ છે ને ?

**દાદાશ્રી :** હા, એય આકાંક્ષા છે. એ તો સહજભાવે થયા કરે ને તો ઠીક, વાંધો નહીં. બાકી આકાંક્ષા કામની જ નથી, કોઈ પણ જાતની ઈચ્છા જ નહીં ને નિરિચ્છકદશા હોવી જોઈએ. નિરિચ્છકદશામાં શું થાય છે એ જોવું ને જાણવું. એમાં બીજા કશામાં ઊતરવું નહીં.

**પ્રશ્નકર્તા :** મુક્તિ-સંસાર, બેઉ સમ ગણે.

**દાદાશ્રી :** બસ, પણ એ છેલ્લી દશાની વાત છે. પણ જેને અન્ય વેપાર હોય તો અન્ય વેપારને બદલે આ વેપાર ચાલુ કરે. એટલે પેલો અન્ય વેપાર બંધ થાય તો આ વેપાર તો ઉત્તમમાં ઉત્તમ. જગત કલ્યાણ કરવાની ભાવના, પોતાનું કલ્યાણ થઈ જાય ત્યાર પછી એ ભાવના ઉત્પન્ન થાય.

## કલ્યાણની ભાવનાનું ફળ, તીર્થંકર પદે રૂપકમાં

તીર્થંકરોને જ્ઞાન થયા પછી છેલ્લો ભાવ ઉત્પન્ન થાય છે, જગત કલ્યાણ કરવાનો. પોતાનું કલ્યાણ થઈ ગયું, હવે બીજાનું કેમ કરીને કલ્યાણ થાય, એવા ભાવ ઉત્પન્ન થાય છે. તેના ભાવ સ્વરૂપે એ ભાવાત્મા તેવો થાય છે. પહેલો ભાવાત્મા તીર્થંકર થાય છે, પછી દ્રવ્યાત્મા તીર્થંકર થાય છે. એય નિર્વિકલ્પનું ફળ નથી, વિકલ્પનું ફળ છે, ભાવનું ફળ છે.

**પ્રશ્નકર્તા :** પણ મને એમ થાય કે વીતરાગ દશા પામ્યા પછી ભાવના કેમ થાય ? એ તો સંપૂર્ણ ઈચ્છા રહિત થઈ જાય ને ?

**દાદાશ્રી :** એમને હવે કલ્યાણ કરવાની ભાવના ના હોય. એમને કલ્યાણ કરવાની જે ભાવના હતી, તે એનું એ અત્યારે ફળ ભોગવે છે, તીર્થંકરપણું ભોગવે છે. મને કલ્યાણ કરવાની ભાવના ખરી, એટલે હું 'ખટપટિયો વીતરાગ' કહેવાઉં ને એ સાચા વીતરાગ કહેવાય.

જેમ એક માણસ પરીક્ષા આપ્યા પછી, ક્યારેય પણ સ્કૂલમાં ના જતો હોય તોય પરિણામ તો આવે જ ને ? એના નામથી પરિણામ આવે કે ના આવે ?

**પ્રશ્નકર્તા :** આવે.

**દાદાશ્રી :** એવું આ તીર્થંકરના નામથી પરિણામ આવેલું છે અને આ હું પરીક્ષા આપું છું. એટલે આ મને ભાવ ખરો કે આ લોકોનું કલ્યાણ થાય. મારું કલ્યાણ થયું એવું લોકોનું કલ્યાણ કેમ કરીને થાય એવી મારી ભાવના ખરી ! એમને એવું ના હોય. એમણે પહેલાંના અવતારમાં કરેલું, તે દહાડે જ આ તીર્થંકર ગોત્ર બાંધેલું. તે આ તીર્થંકર ગોત્ર ખપાવે છે ખાલી. એનું ડિસ્ચાર્જ જ થયા કરે છે. એટલે એમને કેવળ કરુણા !

એ જે ક્રિયા કરી રહેલા હોય તે દેખાતી હોય, પોતે એમાં હોય નહીં અને હું આમાં હોઉં, હું કારણમાં હોઉં ને એ કાર્યમાં હોય. કાર્ય એટલે પૂર્ણ થઈ ગયા. એ બોલે તો જ કાર્ય પૂરું થાય. બહુ ઝીણી વાત છે આ બધી.

## ફક્ત હાજરીથી જ જગત કલ્યાણ

**પ્રશ્નકર્તા :** એવી વ્યક્તિનું પછી જગતમાં પ્રદાન કયા પ્રકારનું હોય છે અથવા જગત કલ્યાણ માટે એનું શું મહત્વ છે ?

**દાદાશ્રી :** એની હાજરી જ જગતનું કલ્યાણ કરે. હાજરી જ, પ્રેઝન્સથી જ ! જગતનું કલ્યાણ થવાનું હોય ત્યારે એ હાજર થાય. એની હાજરી જ કલ્યાણ કરે. જેમ અહીંયા આગળ ઉનાળાના દહાડે પેલી બાજુ બરફ પડ્યો હોય, બારણા આગળ અને આપણે આ દરવાજાથી બધા પેઠાં હોઈએ પણ પવન આવે. એટલે બરફનો પવન તો અંધારામાં આવે ને તોય ખબર પડે કે આટલામાં બરફ છે. એ હાજરી જ કામ કરે છે.

## કલ્યાણ માટે વર્તમાને હાજર

આપણે અહીં આગળ તમે સીમંધર સ્વામીનું નામ તો સાંભળેલું ને? પેલો ફોટો રહ્યો ઉપર ! એ હાલ તીર્થંકર છે, મહાવિદેહ ક્ષેત્રમાં ! મહાવિદેહ ક્ષેત્રમાં એમની હાજરી છે આજે.

સીમંધર સ્વામીની ઉંમર પોણા બે લાખ વર્ષની ઉંમર છે ! હજુ સવા લાખ વર્ષ જીવવાના છે ! આ એમની જોડે તાર, સાંધો મેળવી આપું છું, કારણ કે ત્યાં જવાનું છે. અહીંથી સીધો મોક્ષ થવાનો નથી. હજી એક અવતાર બાકી રહેશે. એમની પાસે બેસવાનું છે, એટલે સાંધો મેળવી આપું છું.

**પ્રશ્નકર્તા :** સીમંધર સ્વામી ભગવાનની સાથે આપ કેવી રીતે અનુસંધાનમાં રહો છો ?

**દાદાશ્રી :** હું તો તન્મયાકાર રહું છું એમની

સાથે, આ શરીરમાં રહેતો નથી. હું શરીરની બહાર રહું છું. છવ્વીસ વર્ષથી આ શરીરમાં રહ્યો નથી. આ શરીરની માલિકીયે નથી મારી. આ વાણીની માલિકીયે નથી. આ વાણી કોણ બોલે છે ? ટેપરકર્ડ. ઓરિજિનલ ટેપરકર્ડ બોલે છે, અને હું તો જ્ઞાતા-દ્રષ્ટા છું. આ ઓરિજિનલ ટેપરેકર્ડ વક્તા છે, તમે શ્રોતા છો, એવી રીતે વ્યવહાર ચાલે છે એ બધો. એટલે સીધા સીમંધર સ્વામીના પ્રતાપથી આ બધું છે. આમાં મારો પ્રતાપ કશો નથી, હું તો નિમિત્તમાત્ર છું. એ તો વર્તમાન તીર્થંકર કહેવાય.

સીમંધર સ્વામી એ તો કૅશ (રોકડા) કહેવાય. ભલે બીજા ક્ષેત્રમાં હોય પણ હાજર છે એ, એમની જોડે અમારે તાર ને બધું (અનુસંધાન) ચાલવાનું. તે આખા જગતનું કલ્યાણ થવું જ જોઈએ. અમે તો નિમિત્ત હોઈએ. એટલે 'દાદા ભગવાન' થ્રુ (દ્વારા) દર્શન કરાવું છું ને તે ત્યાં પહોંચી જાય છે. એટલે આપણે એક અવતાર કહ્યું છે ને, તે અહીંથી પછી ત્યાં જ જવાનું છે ને એમની પાસે બેસવાનું છે. પછી છુટકારો થશે. એટલા માટે આજથી ઓળખાણ કરાવીએ છીએ અને 'દાદા ભગવાન' થ્રુ નમસ્કાર કરાવીએ છીએ.

## નિષ્પક્ષપાતી ત્રિમંદિર કલ્યાણાર્થે

**પ્રશ્નકર્તા :** આપણે સીમંધર સ્વામીનું, કૃષ્ણ ભગવાનનું અને શંકર ભગવાનનું ભેગું મંદિર બનાવવાના છીએ, તો એનો હેતુ શું છે ?

**દાદાશ્રી :** આ મતાર્થ જવા માટે ! ત્યાં ત્રણ મંદિર બંધાય છે. આ સીમંધર સ્વામીનું, જે જીવતા છે તેમના માટે બંધાય છે. કૃષ્ણ ભગવાન જીવતા છે, એમનું બંધાય છે અને 'શિવ' એટલે કલ્યાણ સ્વરૂપ જ્ઞાની, તે પણ જીવતા હોય છે. એટલે ત્રણેય મંદિરો બંધાય છે. તે બધા લોકો દર્શન કરી જાય. એનાથી આ લોકોનો મતાર્થ બધો જતો રહેશે. આ મૂર્તિઓમાં એવી પ્રતિષ્ઠા કરીશ ! મૂર્તિઓ બોલશે તમારી જોડે ! મૂર્તિઓ વાતો કરશે ! પ્રતિષ્ઠા તો જેનામાં અહંકાર ન હોય ને, તે જ પ્રતિષ્ઠા કરી શકે અગર તો અહંકાર ઉપશમ થયેલો હોય તે કરી શકે.

અત્યારે જગતના મતાર્થ કાઢવા માટે આ નિષ્પક્ષપાતી ધર્મ છે. આખો અવસર્પિણીકાળ ગયો. અત્યાર સુધી તો મતાર્થમાં ચાલ્યા ! ભગવાન મહાવીરનું શાસન છે, ત્યાં સુધી જ ધર્મ છે. પછી ધર્મનો અંશ રહેવાનો નથી, મંદિર-પુસ્તક કશું જ રહેવાનું નથી. માટે અઢાર હજાર વર્ષ સુધીમાં જો ચેતી જાય અને મતાર્થમાંથી છૂટી જાય તો ઋષભદેવ ભગવાને જેવું નિષ્પક્ષપાતી વલણ કહ્યું હતું, એવું નિષ્પક્ષપાતી વલણ પાછું થાય.

સહુસહુના દેરાં જુદા રાખે, પણ મંત્રો તો બધાના ભેગા બોલવા જોઈએ. કોઈ કોઈને સામસામું વેરઝેર ના હોવું જોઈએ. મંત્રો ભેગા બોલે એટલે બધું પહોંચી ગયું. આપણા મનમાં જુદાઈ નથી, તો કશું જુદું છે જ નહીં. એટલે આ ત્રણેય મંદિરો ભેગા થાય એટલે હિન્દુસ્તાનમાંથી મતાર્થ ઊડી જાય તો શાંતિ થાય !

જગતનું કલ્યાણ કરવું હોય તો મતાર્થ કાઢવો પડશે. મતાર્થ કાઢવા માટે બધા ધર્મોનું ત્રિમંદિરમાં સ્થાપન કરવું પડશે. પક્ષપાતથી આત્યંતિક કલ્યાણ ના થાય, પણ પાક્ષિક કલ્યાણ થાય !

**પ્રશ્નકર્તા :** હવે સીમંધર સ્વામી સાથે કૃષ્ણ ભગવાન, શિવ ભગવાન પણ મૂક્યા છે. સીમંધર સ્વામી તો વીતરાગ ગણાય ને ?

**દાદાશ્રી :** હા, વીતરાગ જ ગણાય અને કૃષ્ણ ભગવાન તો વાસુદેવ, નારાયણ કહેવાય. નરમાંથી નારાયણ થયેલા હતા એ. એ ત્રેસઠ શલાકા પુરુષોમાં ગણાય અને પાછા આવતી ચોવીસીમાં તીર્થંકર થવાના છે. તીર્થંકરોએ એક્સેપ્ટ (સ્વીકાર) કરેલા. અને જ્ઞાનીને શિવ તરીકે

એક્સેપ્ટ કરેલા છે. જે કોઈ પણ જ્ઞાની થાય, એ શિવ કહેવાય. એટલે આ બધાને એક્સેપ્ટ કરેલા છે. એનાથી બધાના મતભેદ ચાલ્યા જશે.

આપણે જે મંદિર બનાવવાના છીએ, એ અમારે ફરજિયાતમાં આવી પડ્યું છે, બનાવવું જ પડે. આ તો સીમંધર સ્વામીનું છે. જેનું મંદિર બનાવો તે જીવતા હોવા જોઈએ. આ તો તીર્થંકર સાહેબ છે. આ જગતના લોકોના કલ્યાણ માટે બંધાય છે.

આ ત્રણ મંદિરોમાં મૂર્તિ જોશો ત્યારે તમને ભવ્યતા લાગશે. આપણે ભગવાનની મૂર્તિના દર્શન કરીએ છીએ, ત્યારે મૂર્તિ શું કહે છે ? 'ભાઈ, આ માલ મારો નથી, આ માલ તારા જ શુદ્ધાત્માનો છે.' એટલે મૂર્તિ તમારા શુદ્ધાત્માને પાછું મોકલી આપે છે. આને પરોક્ષ ભક્તિ કહેવાય !

લોકોનું કલ્યાણ તો ક્યારે થાય ? આપણે ચોખ્ખા થઈએ તો, બિલકુલ ચોખ્ખા ! પ્યૉરિટી એ જ બધાનું, આખા જગતનું આકર્ષણ કરે !

## અરિહંતના દર્શને પ્રાપ્ત થાય મોક્ષફળ

અમે જેમને જ્ઞાન આપીએ છીએ ને, તે એક-બે અવતારી થાય. પછી એમણે ત્યાં સીમંધર સ્વામી પાસે જ જવાનું છે. તીર્થંકરના દર્શન કરવાના એકલા જ બાકી રહ્યા. બસ, દર્શન થવાથી જ મોક્ષ ! આ છેલ્લા દર્શન કરે ને, આ દાદાથી આગળના દર્શન એ છે. એ દર્શન થઈ ગયા કે તરત મોક્ષ ! બીજું બધું તો અહીં આગળ જ્ઞાની પુરુષે તૈયાર કર્યું. હવે પેલા વરખ ચોંટાડનારા રહ્યા !

આ સીમંધર સ્વામીનું દેરાસર થઈ જાય તો સારું. લોકોના હિતનું છે. અહીં જેટલા લોકો સીમંધર સ્વામીના દર્શન કરશે ને, એટલું વિશેષ ફળદાયી થઈ પડશે. કારણ કે આ હાજર તીર્થંકર કહેવાય, બહુ હેલ્પફુલ ! સીમંધર સ્વામીના મંદિર થવા જોઈએ, તો આ દેશનો બહુ ભલીવાર થાય.

આ દેરાસર (ત્રિમંદિર) એટલા માટે છે કે જગત સીમંધર સ્વામીને ઓળખી શકે. 'સીમંધર સ્વામી કોણ છે' એ ઓળખી શકે. ઘેર-ઘેર સીમંધર સ્વામીના ફોટા પૂજાશે ને આરતીઓ થશે ને ઠેર ઠેર સીમંધર સ્વામીના દેરાસરો (મંદિરો) બંધાશે, ત્યારે દુનિયાનો નકશો કંઈ ઓર જ હશે !

## હિતકારી, વર્તમાન તીર્થંકર જ

હજુ મારા હાથે તો ઘણું કામ થવાનું છે ! આવું કંઈક થશે તો આ લોકોનું કલ્યાણ થશે, નિમિત્ત જોઈશે. એટલે આ સીમંધર સ્વામીનો સંકેત અવશ્ય ફળવાળો છે. એટલે આપણા લોકોએ જ્ઞાન નહીં લીધું હોય ને, ત્યાં સીમંધર સ્વામીના દર્શન કરે તોય એમાં ફળ છે. એટલે આ બધું બાંધવાનું થાય છે, નહીં તો આપણે આ તો હોતું હશે ? આપણને આ બધું શોભેય નહીં. અને આ તો જીવતા તીર્થંકર છે, એટલે વાત કરીએ છીએ. અહીંયા તમે સીમંધર સ્વામીનું જેટલું કરશો, એટલામાં બધું તમારું આવી ગયું. સીમંધર સ્વામીને ભજીએ તો હિન્દુસ્તાનમાં ફેરફાર થાય, નહીં તો કેમનો ફેરફાર થાય ?

આખા વર્લ્ડનું કલ્યાણ થશે નિમિત્તથી. કારણ કે એ જીવતા છે. એમને કેવળ કરુણા, નિરંતર કરુણા જ હોય. ગયેલા હોય એ કશું જ ધોળે નહીં, ખાલી પુણ્ય બંધાય.

મારો આઈડિયા (ભાવ) એવો છે કે આખા જગતમાં 'આ વિજ્ઞાન'ની વાત ખૂણે ખૂણે પહોંચાડવી અને દરેક જગ્યાએ શાંતિ થવી જ જોઈએ. મારી ભાવના, મારી ઈચ્છા જે કહો તે મારું આ જ છે !

## જીવતી મૂર્તિ ફળ આપે

મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી ભગવાન બિરાજે છે. તે તેમની મૂર્તિ અહીં (મંદિરમાં) મૂકવાની છે, જીવતાની મૂર્તિ હોય ! કેટલું બધું

ફળ આપે ? સીમંધર સ્વામીનું દેરાસર, તે મૂર્તિનું દેરાસર નથી, એ અમૂર્તનું દેરાસર છે. એમનું ચિત્રપટ કે મૂર્તિ બધું કામ કરે. એટલે આપણા મહાત્માઓએ ત્યાં દર્શન જ કર્યા કરવાના. સામે બેસી રહેવાનું. તમે સીમંધર સ્વામી પાસે બેસી રહો, એ મૂર્તિ પાસે બેસી રહો ને, તોય હેલ્પ થાય.

હું હઉ બેસી રહું છું ને ! મારે તો મોક્ષ મળી ગયો છે, તોય હું બેસી રહ્યો છું. નહીં તો મારે એમનું શું કામ હતું ? કારણ કે હજુ એ ઉપરી છે. એમના દર્શન કરીએ, એ કોના દર્શન ? મોક્ષ સ્વરૂપના. દેહ સાથે જેનું સ્વરૂપ મોક્ષ છે. એમના દર્શન કરે ત્યારે મોક્ષ થાય, નહીં તો મોક્ષ થાય નહીં.

### સ્વામી થકી થશે આખી દુનિયાનું કલ્યાણ

જે રસ્તે અમે ચાલ્યા છીએ, એ રસ્તો જ તમને બતાવી દીધો છે. બધાય અવતારમાં ભટકી ભટકીને આવ્યો છે, ક્યાંય સાચું સુખ મળ્યું નથી. ત્યાં અહંકારની ગર્જનાઓ અને વિલાપ જ કર્યા છે. છૂટવાની ઈચ્છા તો છે પણ માર્ગ મળતો નથી. માર્ગ મળવો અતિ અતિ દુર્લભ છે. આ 'જ્ઞાની પુરુષ'નો સંયોગ ભેગો થવો જ મુશ્કેલ છે. બધા જ સંયોગો ભેગા થઈને વીખરાઈ જવાના પણ જ્ઞાની પુરુષના સંયોગથી 'કાયમની ઠંડક' પ્રાપ્ત થાય. હવે તો કામ કાઢી લેવાનું છે. જ્ઞાની પુરુષ પાસે પડ્યા રહેવું છે એવી ભાવનાથી પરાક્રમ ઊભું થાય. પછી ગમે તેવો સંયોગ આવે તો પણ પરાક્રમથી પહોંચી વળાય. જે ગુંઠાણું અમને મહીં પ્રગટ થયું છે, તે ગુંઠાણું તમારુંય થયું છે !

આપણે મોક્ષમાં જવાનું છે ત્યાં આગળ. મોક્ષમાં જવાય એટલું પુણ્ય જોઈએ. આ અનંત અવતારની ખોટ ભાંગવાની છે અને એક જ અવતારમાં ભાંગવાની છે. એટલે ખરી રીતે મારી પાછળ પડવું જોઈએ, પણ એ તો તમારું ગજું નહીં. આ સીમંધર સ્વામી જોડે તાર-સાંધો મેળવી આપું છું, કારણ કે ત્યાં જવાનું છે. હજી એક અવતાર બાકી રહેશે. અહીંથી સીધો મોક્ષ થવાનો નથી. એમની પાસે બેસવાનું છે એટલે સાંધો મેળવી આપું છું અને આ ભગવાન આખા વર્લ્ડનું કલ્યાણ કરશે ! એટલે એમના નિમિત્તથી આખા વર્લ્ડનું કલ્યાણ થશે !

**- જય સચ્ચિદાનંદ**

---

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના સત્સંગ કાર્યક્રમો

### વડોદરા

**૧૨ અને ૧૪ ફેબ્રુઆરી** સાંજે ૭ થી ૧૦ - **સત્સંગ** તથા **૧૩ ફેબ્રુઆરી** સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** અંબાલાલ પાર્ક ગરબા ગ્રાઉન્ડ, HP પેટ્રોલ પંપની પાછળ, કારેલીબાગ, વડોદરા. **સંપર્ક :** ૯૯૯૮૯૭૪૯૫૬

### અડાલજ

**૨૦ ફેબ્રુઆરી** સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** દાદાનગર કન્વેન્શન સેન્ટર, ત્રિમંદિર પાછળ, અડાલજ.

**[ઉપરોક્ત કાર્યક્રમમાં સમય-સંજોગને આધીન ફેરફાર થઈ શકે છે.]**

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭ ; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮ ; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮ ; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮ ; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮ ; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨ ; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦ ; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭ ; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮ ; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫ ;
**U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## મુંબઈ : પૂજ્ય નીરુમાનો ૭૮મો જન્મદિવસ : તા. ૨ ડિસેમ્બર




## મુંબઈ : સત્સંગ-જ્ઞાનવિધિ : તા. ૧ થી ૫ ડિસેમ્બર




## પૂણે : નિષ્પક્ષપાતી ત્રિમંદિરનું ખાત મૂહુર્ત-સત્સંગ-જ્ઞાનવિધિ : તા. ૯ થી ૧૨ ડિસેમ્બર



જાન્યુઆરી ૨૦૨૨
વર્ષ-૨૭, અંક-૫
સળંગ અંક-૩૧૭

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2021-2023
valid up to 31-12-2023
LPWP Licence No. PMG/NG/037/2021-23
Valid up to 31-12-2023
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## આ મંદિર નહીં પણ કલ્યાણનું ધામ

આ મંદિરોને માટે અમને આ બધી સંજ્ઞા થઈ એટલે બંધાયું છે. જગત કલ્યાણ માટેની અમારી સંજ્ઞા છે. આ સીમંધર સ્વામીનું દેરાસર થઈ જાય તો સારું. એ લોકોના હિતનું છે. સીમંધર સ્વામીના અહીં લોકો જેટલાં દર્શન કરશે ને, એટલું વિશેષ ફળદાયી થઈ પડશે. કારણ કે આ હાજર તીર્થંકર કહેવાય, બહુ હેલ્પફુલ ! મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી ભગવાન બિરાજે છે. તે તેમની મૂર્તિ અહીં મૂકવાની છે. જીવતાની મૂર્તિ હોય, એ કેટલું બધું ફળ આપે! આ દેરાસર (ત્રિમંદિર)નું સંકુલ તો મતાર્થ જવા માટે છે. મતભેદ બધા જતા રહેશે ને લોકોને ફળ આપશે.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઑફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.